उन्नति

# વિચાર

વર્ષ ૭ અંક ૧ જાન્યુઆરી – માર્ચ, ૨૦૦૨

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
પંચાયતો અને અન્ય સ્થાનિક વિકાસલક્ષી સંગઠનોની સહભાગી ગ્રામ વિકાસમાં ભૂમિકા

**આપના માટે**
પ્રાથમિક શિક્ષણમાં પંચાયતોની ભૂમિકા - એક અભ્યાસ ૬

ગુજરાતમાં ભૂકંપ રાહત અને પુર્નવસનમાં પંચાયતોની ભૂમિકા ૧૨

**આપણી વાત** ૧૫
ચૂંટણી પૂર્વે મતદાર જાગૃતિ ઝુંબેશ

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૧૯

**સંદર્ભ સાહિત્ય** ૨૨

**અમારા વિશે** ૨૩

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર ‘ઉન્નતિ’ વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## વહીવટથી શાસન સુધી

રાજ્ય એ સમાજના વહીવટ માટે ઊભી કરાયેલી સંસ્થા છે અને રાજ્યની ભૂમિકા સમયે સમયે બદલાતી રહી છે. ‘ઓછામાં ઓછું શાસન કરે તે સારામાં સારી સરકાર’ એવા આદર્શને સ્વીકારીએ તો પણ શાસકીય વહીવટ સારામાં સારો હોવો જોઈએ એને વિશે કોઈ શંકા ન હોઈ શકે. ઉપરાંત, સમાજના નબળા અને વંચિત વર્ગો પ્રત્યેની જવાબદારીમાંથી પણ સરકાર કે રાજ્ય છટકી શકે નહિ. આ સંદર્ભમાં ઉત્તરદાયિત્વ, પારદર્શિતા અને સહભાગિતાના સિદ્ધાંતોને શાસન વ્યવસ્થામાં વધારે વ્યવહારમાં લાવવા પડે તેમ છે. ગરીબી જેવા આર્થિક અભિશાપને દૂર કરવા માટે આ ત્રણેય બાબતો જરૂરી છે કારણ કે ગરીબી માત્ર આર્થિક પ્રક્રિયાઓનું પરિણામ નથી પરંતુ આર્થિક, સામાજિક અને રાજકીય પરિબળોનું સહિયારું પરિણામ છે.

રાજ્યે તેના નાગરિકોને વધારે અસરકારક શાસન પૂરું પાડવાનું છે, માત્ર વહીવટ નથી કરવાનો. ગરીબો માટે તો એ વિશેષ આવશ્યક છે. વિકેન્દ્રીકરણ જેમ વધારે તેમ ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા વધારે સંભવ બને અને લોકો શાસનની પ્રક્રિયામાં વધારે સહભાગી થાય. ભારતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આ અર્થમાં વધારે બળવત્તર બનાવવાની જરૂર છે. અસરકારક અને કાર્યક્ષમ પંચાયતી રાજ થકી ગરીબી નિવારણ સહભાગી ધોરણે શક્ય છે અને સાથે સાથે ગરીબી તરફ દોરી જતી સંસાધનોના ધોવાણ જેવી પ્રક્રિયાઓને નાથવાનું પણ શક્ય છે. તત્કાળ અને કાર્યક્ષમ રીતે જાહેર વહીવટની સેવાઓ ગરીબોને મળે એ ઈચ્છનીય છે. એ માટે જાહેર વહીવટને કાર્યક્ષમ બનાવવો પડે અને સાથે સાથે નાગરિકોની સહભાગિતા વધારવા તેમનું ક્ષમતા વર્ધન કરવું પડે. વળી, વિકાસની સામાજિક પ્રાથમિકતાઓ પણ સહભાગી ધોરણે નક્કી થવી જોઈએ કે જેથી જાહેર વહીવટ સમાજના છેવાડે રહી ગયેલા લોકોની જરૂરિયાતોના સંદર્ભમાં પૂરતો પ્રતિભાવાત્મક બને. કાયદાનું શાસન અને કાનૂની વ્યવસ્થાને ગરીબ લોકો માટે પ્રતિભાવાત્મક બનાવવી એ પણ એનું જ એક અંતર્ગત પાસું છે.

ભારતમાં સરકારનાં વહીવટી પાસાંનાં ઉત્તરોત્તર વિકાસ અને વૃદ્ધિ થતાં રહ્યાં છે પણ નાગરિક સમાજ સાથે તેનો નાતો તૂટ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ગામડાં અને નગરોમાં આ નાતાને વધુ ગાઢ બનાવવાનું કામ કરવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે તેમ છે. ભ્રષ્ટાચાર, નીતિઓ અને કાર્યક્રમોના અમલમાં વિલંબ, લોકોની અને ખાસ કરીને ગરીબ લોકોની જરૂરિયાતોની અવગણના જેવી સમસ્યાઓને આ સંસ્થાઓને વધારે બળવત્તર બનાવીને જ ઉકેલી શકાય તેમ છે. સ્થાનિક સ્વશાસન નાગરિક સમાજની સક્રિય ભૂમિકાથી જ વધુ પ્રતિભાવાત્મક બનશે એ નક્કી છે. સામાન્ય જાહેર વહીવટને લોકોનું કલ્યાણ કરતો કરવો હોય તો વહીવટને શાસન સુધી લઈ જવો પડે.

# પંચાયતો અને અન્ય સ્થાનિક વિકાસલક્ષી સંગઠનોની સહભાગી ગ્રામ વિકાસમાં ભૂમિકા

૭૩મા બંધારણ સુધારા ધારાના અમલ પછી પંચાયતો ત્રીજા સ્તરની સરકાર બની છે અને તેમને ગ્રામ વિસ્તારોના સામાજિક-આર્થિક વિકાસનાં કામો સોંપવામાં આવી રહ્યાં છે. તેનાથી પંચાયતોની અને અન્ય સ્થાનિક વિકાસલક્ષી સંગઠનોની ભૂમિકા વિશે વિવાદ ઊભો થયો છે. **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ લેખમાં બંનેની ભૂમિકા વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે. મુખ્યત્વે આ ચર્ચા 'સજ્જતા સંઘ' અને 'ઉન્નતિ' દ્વારા ગુજરાતમાં આ વિષય અંગે યોજાયેલી ત્રણ ક્ષેત્રીય અને એક પ્રાદેશિક કાર્યશિબિરોની નોંધો અને અહેવાલો પર આધારિત છે.

### પ્રસ્તાવના

૭૩મા બંધારણ સુધારા ધારાએ ૧૯૯૨માં ભારતીય રાજકારણમાં સહભાગી, વિકેન્દ્રિત અને પ્રત્યક્ષ લોકશાહીનાં તત્ત્વો દાખલ કર્યાં છે. આ સુધારાએ પંચાયતોને કાનૂની, વહીવટી અને અમલકારી સત્તાઓ આપીને બંધારણીય સંસ્થા બનાવી છે. તેણે ભારતની લોકશાહીમાં પહેલી જ વાર કેટલાંક બેનમૂન પાસાં ઉમેર્યાં છે જે નીચે મુજબ છે:

(૧) ગ્રામ સભાને શાસનના એક એકમ તરીકે કાનૂની દરજ્જો આપવામાં આવ્યો છે.

(૨) ત્રણેય સ્તરની પંચાયતોમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત બેઠકો રાખવામાં આવી છે. એ જ રીતે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત બેઠકો રાખવામાં આવી છે. વળી, આવી અનામત ત્રણેય સ્તરની પંચાયતોમાં સરપંચ અને પ્રમુખના હોદ્દાઓ માટે પણ લાગુ પડે છે.

(૩) ગ્રામ પંચાયતનો વડો સરપંચ છે અને તે સીધો જ મતદારો દ્વારા ચૂંટાય છે. તાલુકા-જિલ્લા પંચાયતના પ્રમુખ, રાજ્યના મુખ્ય પ્રધાન, વડા પ્રધાન કે રાષ્ટ્રપતિ પણ સીધા લોકો દ્વારા ચૂંટાતા નથી. એ રીતે સરપંચનું એક વિશેષ પ્રકારનું મહત્ત્વ છે.

(૪) પંચાયતોની ચૂંટણીઓ દર પાંચ વર્ષે નિયમિત રીતે થવી જોઈશે. ચૂંટણી યોજવાનું કામ રાજ્યનું ચૂંટણી પંચ કરશે.

(૫) વિકાસલક્ષી કામો ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોને તથા ગ્રામ સભાને સોંપવામાં આવ્યાં છે.

દેશના બંધારણમાં સૂચિત આદિવાસી વિસ્તારોમાં તમામ સ્તરની પંચાયતોને અને ગ્રામ સભાને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે, અને તેમને વિશિષ્ટ કામો સોપવામાં આવ્યાં છે. આવી જ સત્તાઓ બિનઆદિવાસી વિસ્તારોની પંચાયતોને પણ હોવી જોઈએ એવી માગણીઓ પણ બુલંદ બની રહી છે. તેથી, પંચાયતો હવે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની યોજનાઓનો અમલ કરનારી સંસ્થાઓ નથી રહી. તેને બદલે તેઓ હવે સ્થાનિક સ્તરે વિકાસલક્ષી કામો કરનારી કાનૂની સંસ્થાઓ બની છે. પરંતુ લોકશાહી માળખામાં વધુ અસરકારક અને જીવંત એવાં સ્થાનિક સ્વશાસન એકમો બનવા માટે તેમને જે તક અપાઈ છે તેનો તેમણે હજુ સંપૂર્ણ ઉપયોગ કરવાનો બાકી છે.

બીજી તરફ, સ્થાનિક સ્તરે શાસનનાં અસરકારક એકમોની ગેરહાજરીમાં ગ્રામજનોએ પોતે જ બિનસરકારી સંગઠનોની સક્રિય પ્રેરણાથી તથા સરકારી તંત્રની વહીવટી અને નાણાકીય સહાયથી પોતાની વિકાસલક્ષી જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે અન્ય સ્થાનિક સંસ્થાઓની સ્થાપના કરી હતી. આવી સ્થાનિક સંસ્થાઓ એકાદ-બે દાયકાથી અને કેટલીક તો ત્રણેક દાયકાથી કામ કરે છે અને તેમણે સ્થાનિક સ્તરના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવી છે. આવાં સ્થાનિક સંગઠનોમાં વન મંડળી, જળ સ્ત્રાવ મંડળ, સહકારી મંડળી અને સ્વસહાય જૂથોનો સમાવેશ થાય છે. હવે ૭૩મા બંધારણ સુધારાથી ગ્રામ વિસ્તારોમાં ભૂમિકાના સંદર્ભમાં સંઘર્ષ ઊભો થઈ રહ્યો છે. રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર તેની વિવિધ વિકાસલક્ષી યોજનાઓમાં હવે પંચાયતોને સામેલ કરવા માટે વધુ ને વધુ આતુર બની રહી છે. આ માટે વિવિધ માર્ગરેખાઓ ઘડાઈ રહી છે અને જારી થઈ રહી છે. રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર એ રીતે સ્થાનિક સંગઠનોની સાથે સાથે પંચાયતોને પણ વિકાસલક્ષી સંગઠનો ગામમાં વિકાસનાં એકમો તરીકે કામ કરે છે અને તેઓ ગ્રામ સભા તથા ગ્રામ પંચાયતને અવગણે છે અથવા તો ગ્રામ સભા અને ગ્રામ પંચાયતની ભૂમિકાઓ તેથી મર્યાદિત બની જાય છે એમ કહેવાય છે. તેથી પંચાયતો અને અન્ય સ્થાનિક સંસ્થાઓ ગ્રામ સ્તરના વિકાસમાં કઈ ભૂમિકા અદા કરે તેનો પેચીદો સવાલ ઊભો થયો છે. એ બંને વચ્ચે તેથી ઘર્ષણ ના થાય, સ્પર્ધા ન થાય અને તેઓ સહકારથી કેવી રીતે કામ કરે તે માટેના રસ્તા શોધી કાઢવા પડશે.

૭૩મા બંધારણ સુધારાને પરિણામે પંચાયતો ત્રીજા સ્તરની સરકાર બની છે અને તેમને વિકાસ અંગેનાં કામો સોંપવામાં આવ્યાં છે ત્યારે અન્ય સ્થાનિક સંગઠનોની શી ભૂમિકા છે એવો પ્રશ્ન કેટલાક લોકો ઊભો કરે છે. તેથી તેમની ભૂમિકાના સંદર્ભમાં અસ્પષ્ટતા ઊભી થયેલી છે. એ દૂર કરવાની આવશ્યકતા છે. પંચાયતો અસ્તિત્વમાં છે

અને તેમ છતાં અન્ય સ્થાનિક સંગઠનો વિકાસનાં કામો કરે છે તેથી તેમને સમાંતર સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે. આવી સમાંતર સંસ્થાઓની હવે ખરેખર શું ભૂમિકા હોઈ શકે?

## પંચાયતો અને સ્થાનિક સંગઠનોની ભૂમિકા

'સજ્જતા સંઘ' અને 'ઉન્નતિ' દ્વારા ઓક્ટોબર-૨૦૦૧થી જાન્યુઆરી-૨૦૦૨ના ગાળા દરમ્યાન રાજકોટ, હિંમતનગર અને અંકલેશ્વર ખાતે ક્ષેત્રીય કક્ષાની પ્રાદેશિક કાર્યશિબિરો યોજવામાં આવી અને પછી અંતે અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાની એક પ્રાદેશિક કાર્યશિબિર યોજવામાં આવી હતી. આ કાર્ય શિબિરોનો હેતુ પંચાયતો અને ગ્રામ સંગઠનોના અભિગમોનો સુમેળ કરવા સમજ કેળવવાનો અને ભવિષ્યની વ્યૂહરચના ઘડવાનો હતો. આ વ્યાપક હેતુને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાયઃ

(૧) ગ્રામ સ્તરે વિકાસ અને ગામ લોકોની સુખાકારી માટે શું જરૂરી છે તેની વિચારણા કરવી.

(૨) આ સુખાકારી મેળવવા માટે પંચાયત અને ગ્રામ સંગઠનો કેવી રીતે કાર્યરત છે તે સમજવું.

(૩) બન્ને પ્રકારની સંસ્થાઓ વચ્ચે સંકલન અને ભૂમિકા સ્પષ્ટ કરવાં.

(૪) સ્વૈચ્છિક સંસ્થાઓ, પંચાયતો અને ગ્રામ સંગઠનો કેવી રીતે અપેક્ષિત ફરજો બજાવે તે સ્પષ્ટ કરવું.

આ ચાર કાર્યશિબિરમાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, ત્રણેય સ્તરની પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ગ્રામ સંગઠનોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જળસ્રાવ મંડળ, મહિલા મંડળ, વન મંડળી જેવાં વિકાસના નિશ્ચિત ક્ષેત્ર સાથે સંકળાયેલાં ગ્રામ સંગઠનોના પ્રતિનિધિઓ તેમાં હાજર રહ્યા હતા, તો આર્થિક-સામાજિક વિકાસનાં એકંદર ક્ષેત્રે કામ કરતાં સંગઠનોના પ્રતિનિધિઓએ પણ તેમાં ભાગ લીધો હતો. એ જ રીતે પંચાયતોના પ્રતિનિધિઓમાં વર્તમાન ચૂંટાયેલા સરપંચો અને ગ્રામ પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના અને જિલ્લા પંચાયતના વર્તમાન અને ભૂતપૂર્વ સદસ્યો વગેરેનો પણ તેમાં સમાવેશ થતો હતો. ચારેય કાર્યશિબિરોમાં આશરે કુલ ૧૮૦ વ્યક્તિઓ સહભાગી થઈ હતી. આ કાર્યશિબિરોમાં ત્રણ જૂથો પાડવામાં આવ્યાં હતાં: (૧) પંચાયતોના સદસ્યો. (૨) સ્વૈચ્છિક સંગઠનોના પ્રતિનિધિઓ. (૩) ગ્રામ સંગઠનોના પ્રતિનિધિઓ. તેમણે ત્રણ મુદ્દાઓની જૂથમાં ચર્ચા કરવાની હતી: (૧) સુખાકારી માટે કયાં કામો કરવાની જરૂર છે? (૨) તે હાલમાં કોણ કરે છે? (૩) પંચાયતો અને ગ્રામ સંગઠનોના સંદર્ભમાં આ કામો કરવામાં કયા મુદ્દાઓ ઉપસ્થિત થાય છે?

લંબાણપૂર્વકની જૂથચર્ચાઓ, વિગતવાર રજૂઆતો અને પ્રશ્નોત્તરીને આધારે જે મુદ્દાઓ આ ત્રણ પાસાંના સંદર્ભમાં ઉપસ્થિત થાય છે તે પંચાયતો અને ગ્રામ સંગઠનો વચ્ચેના સંબંધમાં ઘણા જ અગત્યના છે.

### સમાંતર સંસ્થાઓ એટલે શું?

વાસ્તવમાં જેમને સમાંતર સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે એવી ગામ સ્તરની જળસ્રાવ મંડળીઓ, સહકારી મંડળીઓ, પિયત મંડળીઓ વગેરે પંચાયતને સમાંતર એવી સંસ્થાઓ છે જ નહિ. એનાં મુખ્ય કારણો નીચે મુજબ છે:

(૧) પંચાયતો ગામના તમામ મતદારો દ્વારા ચૂંટાય છે. જ્યારે જળસ્રાવ મંડળીઓ જેવી સંસ્થાઓમાં બધા મતદારો ભાગ લેતા નથી. તેમાં તો જે તે મંડળ કે સમિતિના સભ્યો જ ભાગીદાર થાય છે.

(૨) પંચાયતોને જે કામો સોંપવામાં આવ્યાં છે તેમાંનું એકાદ કામ જ સ્વૈચ્છિક સમિતિ કે મંડળ કરે છે. ઘણાં મંડળો ઘણાં કામો કરે છે, પણ એક જ સંસ્થા પંચાયતે કરવાનાં બધાં કામો કરતી હોય એવું બનતું નથી.

(૩) પંચાયતો ગ્રામ સભાને જવાબદાર હોય છે જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ માત્ર તેમના સભ્યોને જ જવાબદાર હોય છે.

(૪) પંચાયતો લોકશાહી માળખામાં છેલ્લામાં છેલ્લા સ્તરની સરકાર છે. તેમને ૭૩મા બંધારણીય સુધારાથી આ દરજ્જો મળેલો છે, જ્યારે ગામોમાં કામ કરતી અન્ય સ્થાનિક સંગઠનો પાસે બંધારણીય દરજ્જો નથી. પરંતુ તે રાજ્ય દ્વારા ઘડાયેલા કાનૂનો તથા નિયમો અને નિયમનો અનુસાર કામકાજ કરે છે જે જુદા જુદા કાયદા હેઠળ ટ્રસ્ટ કે મંડળ તરીકે નોંધાયેલી હોય છે અને વખતોવખત ઘડાતા નિયમો અને નિયમનોનું તેમણે પાલન કરવું પડે છે.

## પંચાયતોની ભૂમિકા

પંચાયતોમાં ચૂંટાયેલા ચાલુ અને ભૂતપૂર્વ સદસ્યો તથા સરપંચોએ કાર્યશિબિરોમાં જૂથચર્ચા કરતાં ઉપસ્થિત થયેલા મુદ્દાઓ નીચે મુજબ છે: પંચાયતોને જે કામો સોંપવામાં આવે છે તે નબળાં થાય છે અને અન્ય સંસ્થાઓ પંચાયતો કરતાં વધારે સારી રીતે કામ કરે છે. તેનાં કારણો નીચે મુજબ છે:

(૧) સરપંચ માથાભારે અને વગ ધરાવતી વ્યક્તિ હોય છે. એટલે તેઓ પ્રગતિશીલ હોતા નથી.

(૨) રાજકીય પક્ષાપક્ષીથી ખોટેખોટા વિરોધો ઊભા થાય છે.

(૩) પંચાયતોને ટેન્ડરથી કામ કરવું પડે છે. તેમાં છેક ઉપલા સ્તરથી નીચલા સ્તર સુધી ભ્રષ્ટાચાર ચાલે છે. એટલે કામો નબળાં થાય છે, તે લાંબા સમય સુધી ટકી શકતાં નથી. જ્યારે ગ્રામ સંગઠનોમાં ભ્રષ્ટાચાર હોતો નથી.

(૪) ગ્રામ પંચાયતોને એક સાથે રૂ. ૫૦૦ સુધીનો જ ખર્ચ કરવાનો અધિકાર છે. તેથી વધારે ખર્ચ કરવો હોય તો તેમણે તાલુકા

વિકાસ અધિકારી (ટીડીઓ)ની મંજૂરી લેવી પડે છે. તો પછી વિકાસનાં કામો ઝડપથી થાય કેવી રીતે?

(૫) ગ્રામ પંચાયતને વિશ્વાસમાં લઈને ગ્રામ સંગઠનો કામ કરે તો સારું. ચૂંટાયેલા પ્રતિનિધિઓનો અહમ્ ઘવાવો ના જોઈએ.

(૬) ગ્રામ પંચાયતનાં કામોમાં વિલંબ થાય છે, જ્યારે ગ્રામ સંગઠનો ઝડપથી કામ કરે છે.

(૭) લોકોને ગ્રામ સંગઠનોનું કામ પોતાનું લાગે છે અને માટે તેઓ તેને સાચવે છે. આમ, તેમાં માલિકીપણાનો ભાવ ઊભો થાય છે. જ્યારે પંચાયતોનાં કામો સરકારી ગણાય છે અને લોકોને તેમાં રસ નથી હોતો. તેનું એક અગત્યનું કારણ એ છે કે એ કામોમાં લોકોની સહભાગિતા બિલકુલ હોતી નથી, અથવા તો નહિવત્ હોય છે.

(૮) તમામ સ્તરની પંચાયતોને જો વધારે અધિકારો અપાય, સત્તાઓ અપાય અને નાણાં અપાય તો અને કામની પદ્ધતિ તથા કાર્યવાહીઓ સરળ બને તો પંચાયતોની કાર્યક્ષમતામાં ઘણો ફેર પડે તેમ છે. જો કે, તેમ છતાંય ભ્રષ્ટાચાર નહિ જ થાય તેની કોઈ ખાતરી મળતી નથી.

(૯) ગ્રામ સંગઠનોમાં સારા અને હોંશિયાર યુવાનો હોય છે. તેઓ કામ કરી શકે છે. પંચાયતોમાં ગમે તેવા લોકો આવી જાય છે, તેથી કામ થતું નથી, અથવા ખરાબ કે નબળું કામ થાય છે.

વિવિધ સ્તરે પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે કામ કરવાનો પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓએ જ ઉપસ્થિત કરેલા આ મુદ્દાઓના સંદર્ભમાં જે ખુલ્લી ચર્ચાઓ થઈ હતી તેમાંથી નીચે મુજબના મુદ્દાઓ વધુ ધ્યાન ખેંચતા જણાયા હતાઃ

(૧) પંચાયતો તેનાં કામો વધારે સારી રીતે કરી શકે તે માટે તેમને વહીવટી સત્તાઓ અપાવી જોઈએ અને કામો કરવા અંગેની કાર્યપદ્ધતિ શક્ય તેટલી વધારે સરળ બનાવવી જોઈએ.

(૨) જેકામો પંચાયતોને સોંપવામાં આવ્યાં છે એ કામો અંગે લાભાર્થીઓને સામેલ કરનારી સમિતિઓ રચાવી જોઈએ. જેમ કે, પાણીની વ્યવસ્થા માટે સ્થાનિક મહિલાઓને કે સ્થાનિક મહિલા મંડળને સામેલ કરીને પાણી સમિતિ રચી શકાય. આવી સમિતિઓને ગ્રામ સભાને જવાબદાર બનાવવી જોઈએ.

(૩) ગ્રામ સભાને માટે કાર્યસૂચિ જ હોતી નથી. એટલે નિશ્ચિત કાર્યસૂચિ હોવી જોઈએ. એ ઉપરાંત, ગ્રામ સભાની નોટિસ યોગ્ય રીતે પ્રસિદ્ધ થવી જોઈએ.

(૪) ગ્રામ સભાના ઠરાવોનો વ્યવહારમાં અમલ થતો નથી. પરિણામે લોકોને ગ્રામ સભામાં રસ રહેતો નથી. ગ્રામ સભા જો સામાજિક ક્ષેત્રની સંસ્થાઓના કર્મચારીઓ સામે ફરિયાદ કરતો ઠરાવ કરે તો તે અંગે જે તે કર્મચારી સામે પગલાં ભરાવાં જોઈએ.

(૫) તમામ સ્તરની પંચાયતોના સભ્યોને તાલીમ આપવી જોઈએ કે જેથી તેઓ પંચાયતના વહીવટ અંગે સુમાહિતગાર થાય અને તેમને પોતાને તેમના પોતાના અધિકારો વિશે માહિતી મળે.

(૬) સારી ગ્રામ સભાનો નમૂનો આપણી પાસે નથી. આવા નમૂના આપણે ઊભા કરવા પડશે. સારી ગ્રામ સભા ભરાય તે માટે ગ્રામજનોને પ્રોત્સાહિત કરવા જોઈએ. ગામમાંનાં સમુદાય-આધારિત સંગઠનો ગ્રામ સભામાં આવે અને વિકાસનાં તમામ કામો અંગેની ચર્ચા કરે તે જરૂરી છે.

## ગ્રામ સંગઠનોની ભૂમિકા

પીવાનું પાણી, વન પેદાશોનું એકત્રીકરણ, રોજગાર સર્જન વગેરે જેવાં વિકાસનાં ક્ષેત્રોમાં કામ કરતાં સ્થાનિક સમુદાય-આધારિત સંગઠનોના પ્રતિનિધિઓએ પંચાયતો અને સંગઠનો વચ્ચેના ઘર્ષણ અને સહકારના સંદર્ભમાં જે મુદ્દાઓ રજૂ કર્યા હતા અને એ વિશે સામૂહિક ચર્ચામાંથી પણ જે મુદ્દાઓ ઉપસ્થિત થયા હતા તેને વિશેનો સારાંશ નીચે મુજબ છે:

(૧) સંગઠનો દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનાં આયોજન, અમલ અને સંચાલનમાં સંબંધિત લાભાર્થીઓની અથવા તેમનાં જૂથોની સક્રિય સહભાગિતા હોય છે. તેથી વિકાસનું કામ લોકોમાં તેની માલિકીપણાની ભાવના ઊભી કરે, લોકોનો રસ જળવાઈ રહે છે અને લોકો જવાબદારીની ભાવનાથી કામ કરે છે.

(૨) ગ્રામ સંગઠનો તેમની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે ગામની બહારની સ્વૈચ્છિક સંસ્થાઓ કે સરકારી સંસ્થાઓ સાથે જોડાયેલાં હોય છે. નાણાકીય, સંચાલકીય અને તાંત્રિક ટેકો તેમને આ સંસ્થાઓ મારફતે જ મળે છે.

(૩) ગ્રામ સંગઠનોમાં કાર્યકરોની ક્ષમતા વધારવા તાલીમ કાર્યક્રમો યોજાય છે. સમયસર અને ઉપયોગી તાલીમ કાર્યક્રમો સફળતા માટે સહાયરૂપ થાય છે.

(૪) સામાજિક ન્યાયને આ સંગઠનો મહત્ત્વ આપે છે. તેથી લાભની સમાન વહેંચણી ધ્યાનમાં લેવાય છે.

(૫) પંચાયત અને ગ્રામ સંગઠન વચ્ચે સંકલન હોવું જરૂરી છે. પંચાયતે ગ્રામ સંગઠનની પ્રવૃત્તિ માટે આડખીલીરૂપ ના બનવું જોઈએ, પણ તેમાં સહાયક બનવું જોઈએ.

(૬) પંચાયતો પોતાનાં જ કામો સારી રીતે કરી શકતી નથી. તેથી ગ્રામ સંગઠનોનાં કામોની સમીક્ષા કરવાનું કામ પંચાયતને સોંપી શકાય નહિ.

(૭) ગ્રામ સંગઠનો ગ્રામ પંચાયતને નહિ, પણ ગ્રામ સભાને ઉત્તરદાયી બને એ જરૂરી છે.

(૮) સ્થાનિક વિકાસલક્ષી સંગઠનોમાં લોકો કામ કરવા તૈયાર થાય છે તેનું કારણ એ છે કે તેમને વ્યક્તિગત લાભ દેખાય

છે. પણ લોકો પંચાયતમાં કામ કરવા તૈયાર નથી કારણ કે તેમાં તેમને વ્યક્તિગત લાભ દેખાતો નથી. એટલે કે સાર્વજનિક લાભનાં કામો કરવા લોકો તૈયાર થતા નથી. એ માટે લોકોને તૈયાર કરવા જોઈએ.

(૯) લોકોને શાસનની સંસ્થાઓમાં વિશ્વાસ નથી, પછી તે પંચાયત હોય કે લોકસભા. એટલે સ્વૈચ્છિક વિકાસલક્ષી સંગઠનોનો ઉપયોગ પંચાયતોને મજબૂત કરવા માટે કરવો જોઈએ.

(૧૦) પંચાયતોનાં કાર્યોમાં પણ જેમને સાર્વજનિક સવલતોથી સીધો લાભ વધારે થવાનો છે તેમને સામેલ કરવા જોઈએ.

(૧૧) ભારત સરકારે ગ્રામ સભાને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો છે. ગ્રામ વિકાસની અનેક યોજનાઓનું ગ્રામ સભામાં આયોજન થાય, મંજૂર થાય તેવું ઠરાવેલું છે. એટલે ગ્રામ સભાને વિકાસલક્ષી કાર્યક્રમોમાં સામેલ કરવાનો વિચાર આવકાર્ય છે.

## સ્વૈચ્છિક સંસ્થાઓનું મંતવ્ય

કાર્યશિબિરોમાં ‘ઉન્નતિ’ અને ‘સજ્જતા સંઘ’ના હોદ્દેદારો અને કાર્યકરો ઉપરાંત ઘણી સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જૂથચર્ચા દરમ્યાન જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા અને એ મુદ્દાઓ વિશે જે સામૂહિક વ્યાપક ચર્ચાઓ થઈ તેમાંથી જે અગત્યના મદ્દાઓ તારવી શકાયા છે તે નીચે મુજબ છે:

(૧) સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્થાનિક વિકાસલક્ષી સંગઠનો પંચાયતો માટે પૂરક બળ છે. જો પ્રયત્ન થાય તો પંચાયતોને સક્ષમ બનાવી શકાય છે. પંચાયતોના સદસ્યોને તાલીમ અને માર્ગદર્શન અપાય તો એ શક્ય છે.

(૨) સ્વૈચ્છિક સંસ્થાઓ પંચાયતોને પોતાના મારફતે થતાં વિકાસનાં કામોમાં સાથે સાંકળવાનો પ્રયત્ન કરે છે ખરી પણ એ ઝાઝી સફળ થતી નથી.

(૩) સ્વૈચ્છિક સંસ્થાઓની વિકાસલક્ષી કામગીરીથી અને પંચાયતોને સક્રિય બનાવવાની કામગીરીથી પંચાયતો વિશે જાગૃતિ ઊભી થઈ છે અને સ્વૈચ્છિક સંસ્થાઓનું આ એક અગત્યનું યોગદાન છે.

(૪) લોકો પણ ઘણી જગ્યાએ પંચાયતો પાસે હવે જવાબો માગતા થયા છે. લોકો પંચાયતોની કામગીરીમાં રસ લેતા નથી. જો તેઓ રસ લેતા થાય તો પંચાયતો વિશેનું નકારાત્મક વલણ ઘટે. આ માટે ગ્રામ સભા અગત્યની છે. ગ્રામ સભા જો બેઠી થાય તો પંચાયતો ચોક્કસ મજબૂત થાય.

(૫) સ્વૈચ્છિક સંસ્થાઓ પંચાયતો માટે તેમની સમાંતર સંસ્થાઓ નથી, પણ તેઓ પંચાયતોને પૂરક સંસ્થાઓ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ ગ્રામ સભા મારફતે પણ પંચાયતો પર અસરકારક રીતે દેખરેખ રાખી શકે છે.

(૬) પારદર્શિતા ખૂબ જ અગત્યની બાબત છે. મધ્ય પ્રદેશ, કેરળ અને રાજસ્થાનમાં માહિતીના અધિકાર અંગે જેવા કાયદાઓ થયા છે એવા કાયદાઓ તમામ રાજ્યોમાં થવા જોઈએ.

(૭) પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને પાછા બોલાવવાનો અધિકાર ગ્રામ સભાને હોવો જોઈએ. આવા અધિકારથી જ લોકશાહી વધારે જીવંત બની શકે છે.

(૮) પંચાયતોમાં વિવિધ ક્ષેત્રોનાં કામો અંગે જે સમિતિઓ બને તે સમિતિઓ સ્વચ્છંદી ના બની જાય એ અત્યંત આવશ્યક છે. આ સમિતિઓ માત્ર પંચાયતને નહિ પણ ગ્રામ સભા પ્રત્યે ઉત્તરદાયી બને તે જરૂરી છે.

(૯) પંચાયત એક સરકાર છે એ અગત્યનું છે અને સરકારની જરૂર તો છે જ. એ વિના તો અરાજકતા ફેલાય. સરકાર કે પંચાયતની જરૂરિયાત વહીવટ માટે છે. અનેક ગ્રામ સંગઠનો ગામ સ્તરે કામ કરે છે ત્યારે પંચાયતોનું કામ સૌને ન્યાય મળે એ જોવાનું છે અને તેને માટે ગ્રામ સભાને મજબૂત બનાવવાની જરૂર છે.

(૧૦) ગામના વિકાસના કામની ખરી જવાબદારી જે તે લાભાર્થી જૂથને આપવી જોઈએ. જે કામો અન્ય સ્થાનિક સંગઠનો કરી શકે તે કામો પંચાયતોએ કરવાની જરૂર નથી. પરંતુ એ કામો બરાબર થાય તેની દેખરેખ ગ્રામ સભા રાખે.

(૧૧) જે ગામોમાં ગ્રામ સંગઠનો વિકાસનાં કામો કરે છે એ સંગઠનોના સક્રિય સભ્યો જો ગ્રામ સભામાં રસ લે તો પંચાયતો વધારે મજબૂત બની શકે છે.

## ઉપસંહાર

ભારતમાં વૈશ્વિકીકરણની અને વિકેન્દ્રીકરણની પ્રક્રિયા એકસાથે ચાલે છે. ગામ ગામ નથી રહ્યું પણ દૂરસંચારનાં સાધનો અને વસ્તુઓ તથા સેવાઓ થકી જગત સાથે જોડાઈ ગયું છે. બીજી તરફ, વિકેન્દ્રીકરણની પ્રક્રિયામાં પંચાયતોને પાયો ગણવામાં આવે છે કારણ કે તે શાસનનું છેક નીચલા સ્તરનું સ્થાનિક એકમ છે. ગરીબી નિવારણનું લક્ષ્ય પાર પડતું નથી કારણ કે શાસન કમજોર છે અને ભ્રષ્ટ છે. સ્થાનિક સ્તરે શાસન સ્વચ્છ, પ્રતિભાવાત્મક, પારદર્શી અને ઉત્તરદાયી બને તો ગરીબીનું નિવારણ શક્ય બને. એ માટે પંચાયતો શાસનમાં એકમો તરીકે મજબૂત બને અને ગ્રામ સભા મજબૂત બને એ જરૂરી છે.

કાર્યશિબિરમાં થયેલી ચર્ચાઓમાંથી એ તારણ મળે છે કે સ્થાનિક વિકાસલક્ષી સંગઠનો અને પંચાયતો પરસ્પર પૂરક ભૂમિકા ભજવે તે આવશ્યક છે. તેમનાં કાર્યક્ષેત્રોના સંદર્ભમાં પણ લગભગ સર્વસંમતિ

**જુઓ પૃષ્ઠ ૨૧**

# પ્રાથમિક શિક્ષણમાં પંચાયતોની ભૂમિકા - એક અભ્યાસ

'ઉન્નતિ' દ્વારા ૨૦૦૧માં પંચાયતોની ભૂમિકા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શું છે તે તપાસવા માટે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ વિસ્તૃત અભ્યાસનો સારાંશ અત્રે આપવામાં આવ્યો છે. આ અભ્યાસ **શ્રી હેમન્તકુમાર શાહ** અને **શ્રી તાપસ સત્પથી** દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

**પ્રસ્તાવના**

ભારતમાં લોકતાંત્રિક વિકેન્દ્રીકરણની એક રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી છે. વિકેન્દ્રીકરણ દાખલ કરવા માટે બંધારણમાં ૭૩મો સુધારો કરીને સ્થાનિક લોકશાહી સ્થાપવામાં આવી છે. આ સુધારાએ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ત્રીજા સ્તરની સરકારનો દરજ્જો આપ્યો છે. એમ સુચવાયું છે કે સત્તાની વાસ્તવિક વહેંચણી એ નિયમ પર આધારિત હોવી જોઈએ કે જે કંઈ નીચલા સ્તરે થઈ શકે છે તે તે જ સ્તરે થવું જોઈએ. તેથી આ બંધારણીય સુધારામાં સ્થાનિક સ્તરે સરકાર અને નાગરિક સમાજ વચ્ચે સંપર્ક ઊભો કરવા માટે સંકલિત વ્યૂહરચના ઘડાઈ અને એ રીતે શાસનનાં સ્થાનિક એકમોને તેમની પોતાની જાહેર બાબતો હાથ ધરવા માટે સત્તાઓ આપવામાં આવી.

૭૩મા સુધારાએ ગ્રામ પંચાયતોને હોસ્પિટલ, શાળા અને અન્ય વિકાસલક્ષી સંસ્થાઓ જેવી સ્થાનિક અને અન્ય નાગરિક સમાજની સંસ્થાઓની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવાની સત્તા પણ આપી છે. સરકારે ૭૩મા બંધારણીય સુધારા દ્વારા સ્થાનિક સ્તરે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાનો ઘણો પ્રયાસ કર્યો છે એમાં કોઈ શંકા નથી. આ સુધારાનો મુખ્ય હેતુ જ રાજકીય અને વહીવટી સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ અને વહેંચણીનો છે. ૭૩મા બંધારણ સુધારાએ ત્રણ સ્તરની પંચાયતોને સ્થાનિક સ્તરની સરકારો તરીકે માન્યતા આપી છે. અત્યારે, તમામ પંચાયતોએ ૭૩મા સુધારાના અમલ બાદ પાંચ વર્ષની મુદત પૂરી કરી છે. જો કે, છેલ્લાં પાંચ વર્ષમાં પંચાયતોને સ્થાનિક બાબતો હાથ ધરવામાં અનેક સમસ્યાઓ નડી છે. પંચાયતોની કંગાળ કામગીરી માટે ઘણાં કારણો જવાબદાર છે. એમાંનું એક મહત્ત્વનું કારણ એ છે કે પંચાયતો પાસે નાણાકીય સ્વાયત્તતા નથી અને તેમના ઉપર નોકરશાહીનો અંકુશ હોય છે.

આ સંદર્ભ ધ્યાનમાં રાખીને પ્રાથમિક શિક્ષણમાં સત્તાની વહેંચણી અંગેનો એક રાષ્ટ્રીય અભ્યાસ દિલ્લીની 'પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા' (પ્રિયા) દ્વારા ભારતનાં ૧૪ રાજ્યોમાં હાથ ધરાયો. 'ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંસ્થાન' દ્વારા ગુજરાતમાં આ અભ્યાસ હાથ ધરાયો. આ અભ્યાસનો હેતુ પંચાયતી રાજના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષણની ધરાતલીય વાસ્તવિકતા જાણવાનો છે. અભ્યાસમાં આ પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયાસ કરાયો છેઃ પંચાયતો પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવામાં કઈ ભૂમિકા ભજવે છે? પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં રાજ્ય સ્તરે અને જિલ્લા સ્તરે કઈ સત્તાઓ છે? જિલ્લા, તાલુકા અને ખાસ કરીને ગ્રામ પંચાયત સ્તરે વાસ્તવિકતા શું છે? પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવા પંચાયતો કઈ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે?

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ અંગે એકંદર ખ્યાલ મેળવવા માટે નીચેના ચાર સ્તરે અભ્યાસ હાથ ધરવામાં આવ્યોઃ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાની પાંચ ગ્રામ પંચાયતો નમૂના તરીકે પસંદ કરવામાં આવી છેઃ વહેલાલ, હંસપુરા, કાણિયેલ, ચાંદિયેલ, મિરોલી. રાજ્ય સ્તરે અમે પ્રાથમિક શિક્ષણ સંબંધી માહિતી મેળવવા માટે રાજ્ય સ્તરના વિવિધ અધિકારીઓને મળ્યા અને રાજ્ય સરકાર દ્વારા ભજવવામાં આવતી ભૂમિકા જાણી. જિલ્લા સ્તરે અમે જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળ્યા અને સંબંધિત અધિકારીઓને પણ મળ્યા. એ જ રીતે તાલુકા પંચાયત સ્તરે પણ અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળ્યા. આ ત્રણેય સ્તરે માહીતી મેળવ્યા પછી સ્થાનિક સ્તરે પ્રાથમિક શિક્ષણની સ્થિતિ જાણવા માટે ગ્રામ પંચાયત સ્તરેથી માહિતી મેળવી.

અભ્યાસ જુન-ઓક્ટોબર, ૨૦૦૧ દરમ્યાન હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસની મોટી મર્યાદા એ છે કે નમૂનાનું કદ ખૂબ જ નાનું છે. જો કે, સમગ્ર રાજ્ય માટે પ્રસ્તુત અવલોકનો કરવાનું આના પરથી પણ શક્ય છે કારણ કે સમગ્ર ગુજરાતમાં પંચાયતી રાજની સંસ્થાઓની વ્યવસ્થા એકસમાન છે. બીજું, ગુજરાતમાં લગભગ તમામ પંચાયતોએ તેમની પાંચ વર્ષની મુદત પૂરી કરી છે. મોટા ભાગના જિલ્લાઓમાં ગ્રામ પંચાયતનું વિસર્જન થયેલું હોવાથી આગામી વર્ષોમાં પોતાની શી ભૂમિકા હોઈ શકે તે ભૂતપૂર્વ પ્રતિનિધિઓ બરાબર દર્શાવી શક્યા નહોતા.

## ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ અને પંચાયતો

**રાજ્ય સ્તરના કર્મચારીઓનો પ્રતિભાવ**

પંચાયતો અંગેના તેમના ખ્યાલો જાણવા માટે અમે રાજ્ય સ્તરના

## જિલ્લા શિક્ષણ સમિતિની લાચારી

**ઘાટલોડિયા**

અમદાવાદના પરા ગણાતા ઘાટલોડિયામાં એક પે સેન્ટર શાળા છે. તેના આચાર્યને ચાંદલોડિયાની શાળાના બે શિક્ષકોએ પે સેન્ટર શાળાનાં એક શિક્ષિકા બહેનના કહેવાથી માર માર્યો. આ શિક્ષિકા બહેનની ગેરવર્તણૂક સામે આચાર્યે ફરિયાદ કરેલી છે અને છતાં જિલ્લા શિક્ષણ સમિતિ આ બહેન સામે કોઈ જ પગલાં લઈ શકતી નથી.

**ઉમરાળા, તાઃ રાણપુર**

ગામની પ્રાથમિક શાળાના આચાર્યને તાલુકા વિકાસ અધિકારીએ છૂટા કરી દીધા છે. એનું કારણ એ છે કે પ્રાથમિક શાળાના સમારકામ માટે જે ચેક સરકાર તરફથી આચાર્યને મળ્યો છે તેની રકમ ગામની પંચાયત માગી રહી છે અને આચાર્ય તે રકમ આપી દેતા નથી. આચાર્યે આ અંગે રજૂઆતો કરી હોવા છતાં પણ જિલ્લા શિક્ષણ સમિતિ કોઈ પગલાં લઈ શકતી નથી.

(અમદાવાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી ખોડાજી ઠાકોરના જણાવ્યા મુજબ)

વિવિધ અધિકારીઓને મળ્યા. લગભગ બધાએ પ્રાથમિક શિક્ષણમાં પંચાયતોની સામેલગીરી અંગે વિવિધ મંતવ્યો વ્યક્ત કર્યાં. કેટલાકે પ્રાથમિક શિક્ષણની વર્તમાન પરિસ્થિતિની તરફેણમાં મત વ્યક્ત કર્યો. તેમના મતે પ્રાથમિક શિક્ષણ ઉપર દેખરેખ રાખવાની સત્તા જ પંચાયતોને હોવી જોઈએ. તેમને શિક્ષકો કે કર્મચારીઓની ભરતી કરવાની સત્તા ના હોવી જોઈએ. તેમના મતે પંચાયતોના મોટા ભાગના પ્રતિનિધિઓ સુશિક્ષિત હોતા નથી અને તેઓ બધા તેમનાં રાજકીય ભૂમિકા અને દૃષ્ટિકોણ સાથે આવતા હોય છે અને જો તેમને કોઈ સત્તા આપવામાં આવે તો તેઓ રાજકીય લાભ ખાટવા માટે તેનો દુરુપયોગ કરી શકે છે.

બીજી તરફ, રાજ્ય સ્તરના કેટલાક અધિકારીઓએ પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થામાં પંચાયતોની સામેલગીરીના ટેકામાં પોતાનો મત વ્યક્ત કર્યો હતો. તેમના મતે પંચાયતોને પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા ઉપર સંપૂર્ણ અંકુશ જાળવવા માટેની તમામ સત્તાઓ આપવી જોઈએ. તેમણે એની પણ હિમાયત કરી હતી કે ગ્રામ પંચાયતોને પ્રાથમિક શિક્ષકોનો પગાર ચૂકવવાની સત્તા હોવી જોઈએ. પ્રાથમિક શિક્ષકોને પંચાયતો પ્રત્યે જવાબદાર બનાવવાની આ એક જ રીત છે. હાલ, શિક્ષકો ગ્રામ પંચાયતોને જવાબદાર નથી. તેઓ ખૂબ સારી રીતે જાણે છે કે પંચાયતોને તેમની સામે પગલાં લેવાની સત્તા છે જ નહિ. તેથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ગ્રામ પંચાયતોને તમામ જરૂરી સત્તાઓ આપવી જોઈએ કે જેથી ગામ સ્તરે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા તેઓ પ્રયત્ન કરી શકે.

### રાજ્ય સરકારનું અંદાજપત્ર, પંચાયતો અને પ્રાથમિક શિક્ષણ

ગુજરાતના સરકારના ૨૦૦૧-૦૨ના અંદાજપત્રમાં સામાજિક સેવાઓમાં શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ માટે રૂ. ૩૮૮૮.૦૬ કરોડના મહેસૂલી ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે. ઉપરાંત, રૂ. ૧૪.૪૬ કરોડના મૂડી ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આમ, કુલ રૂ. ૩૮૯૨.૫૨ કરોડના ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે. તેમાંથી શિક્ષણ વિભાગ દ્વારા રૂ. ૧૮૩૭.૩૨૧૩ કરોડની રકમ પંચાયતોને અનુદાન તરીકે આપવામાં આવશે. આમ, ૪૭.૨૦ ટકા જેટલી રકમ પંચાયતોને અનુદાન તરીકે અપાય છે. જો કે, અહીં એ નોંધવું જોઈએ કે ગુજરાત સરકારના બીજા કોઈ પણ વિભાગમાંથી વિભાગના કુલ ખર્ચની આટલી મોટી રકમ પંચાયતોને અનુદાન તરીકે આપવામાં આવતી નથી. રાજ્ય સરકારે વિઝન-૨૦૧૦માં સામાજિક માળખાગત સવલતોનો વિકાસ ૧૦ વર્ષમાં કેવી રીતે કરવો તેની યોજના બનાવી છે. આ યોજનામાં શિક્ષણનો પણ સમાવેશ થાય છે. અને તેમાં રૂ. ૮૯૯૦ કરોડના ખર્ચનો અંદાજ મુકાયો છે. આટલા જંગી ખર્ચના આયોજનમાં પણ શિક્ષણ ક્ષેત્રે પંચાયતોને વધુ સક્રિય બનાવવા માટેની વાત કરવામાં આવી નથી.

ગુજરાત સરકારના કુલ ૧૧ વિભાગોમાંથી પંચાયતોને અનુદાન આપવામાં આવે છે. તેમાં શિક્ષણ વિભાગ પણ એક વિભાગ છે કે જેના અન્વયે પંચાયતોને અનુદાન અપાય છે. ઈ.સ. ૨૦૦૧-૦૨ માટે પંચાયતોને રૂ.૧૮૩૭.૩૨૧૩ કરોડનું અનુદાન આપવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

વધુમાં, અગત્યનો મુદ્દો એ પણ છે કે જિલ્લા પંચાયતોને જે અનુદાન આપવામાં આવે છે તેમાંનું મોટા ભાગનું અનુદાન તો શિક્ષકોનાં પગાર, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો માટેનું જ હોય છે. એટલે પ્રાથમિક શિક્ષણ માટેની ભૌતિક સવલતો વિકસાવવા માટે કે સુધારવા માટે જિલ્લા પંચાયતોને ખૂબ જ ઓછું અનુદાન મળે છે. પ્રારંભિક શિક્ષણ માટે સરકાર ૨૦૦૧-૦૨માં જેટલું ખર્ચ કર્યું છે તેમાંથી ૯૭.૩૬ ટકા ખર્ચ શિક્ષકોને પગાર આપવા માટે જ થયું છે. આ ઉપરાંત, પંચાયતોને રૂ. ૧૬૬.૪૪ કરોડનું અનુદાન આપવાનો અંદાજ હતો, પણ આ રકમનો ઉપયોગ શિક્ષકોને અપાતા નિવૃત્તિ અંગેના લાભો માટે જ થવાનો હતો. આમ, જિલ્લા પંચાયતો મોટે ભાગે શિક્ષકોને પગાર આપનારી સંસ્થાઓ જ બની ગઈ છે. એથી વિશેષ

કામ તેમણે ભાગ્યે જ કરવાનું હોય છે. પ્રાથમિક શિક્ષણ અંગેનું અંદાજપત્ર જોતાં જે પરિસ્થિતિ દેખાય છે તેના આધારે નીચેનાં તારણો મળી શકે છે:

(૧) શિક્ષણ માટે પંચાયતોને જે અનુદાન આપવામાં આવે છે તે પ્રારંભિક શિક્ષણ માટે હોય છે. આ અનુદાન જિલ્લા પંચાયતોને આપવામાં આવે છે અને તે અનુદાન પણ નિશ્ચિત કામો માટે જ હોય છે. એટલે કે જિલ્લા પંચાયત શિક્ષણ માટે મળતા અનુદાનનો ઉપયોગ આપમેળે કરવા માટેની સ્વતંત્રતા ધરાવતી નથી. તેણે તો એ અનુદાનનો માત્ર વહીવટ જ કરવાનો હોય છે.

(૨) રાજ્ય સરકાર માત્ર જિલ્લા પંચાયતોને જ શિક્ષણ માટે અનુદાન આપે છે. તે તાલુકા અને ગ્રામ પંચાયતોને કોઈ જ અનુદાન આપતી નથી.

(૩) રાજ્ય સરકારનો પંચાયત વિભાગ શિક્ષણ અંગેનું કશું જ કામ સંભાળતો નથી. એટલે કે પ્રાથમિક શિક્ષણની જવાબદારીઓ સાથે તેને કશી જ લેવાદેવા નથી.

(૪) જિલ્લા પંચાયતોને જે અનુદાન આપવામાં આવે છે તે નિશ્ચિત યોજનાઓ માટે જ હોવાથી જિલ્લા પંચાયતે જો શિક્ષણ માટે પોતાની યોજના અનુસાર કામ કરવું હોય તો તેણે પોતાના સ્વભંડોળની રકમનો ઉપયોગ કરવો પડે છે. સમગ્ર રાજ્યમાં જિલ્લા પંચાયતોનાં અંદાજપત્રોમાં સ્વભંડોળની રકમનું પ્રમાણ કુલ અંદાજપત્રમાં આશરે બે ટકા જેટલું જ હોય છે. અને તેથી જિલ્લા પંચાયત પાસે પણ પ્રાથમિક શિક્ષણને સધ્ધર બનાવવા માટેનાં નાણાં હોતાં નથી. જો કે, કેટલીક જિલ્લા પંચાયતો પોતાના સ્વભંડોળમાંથી પણ પ્રાથમિક શિક્ષણને સધ્ધર બનાવવા માટે ખર્ચ કરે છે. પરંતુ તાલુકા પંચાયતો માટે કે ગ્રામ પંચાયતો પાસે શિક્ષણ માટે ખર્ચ કરવાનાં નાણાં હોતાં જ નથી અને તેઓ એ માટે સ્વભંડોળમાંથી ખર્ચ કરી શકે તેવી તેમની સ્થિતિ હોતી જ નથી.

(૫) અમદાવાદ જિલ્લા પંચાયતનું અંદાજપત્ર જોતાં એમ જણાય છે કે પ્રાથમિક શિક્ષણ માટે ફાળવવામાં આવતી સ્વભંડોળની રકમમાં ઘટાડો થતો જાય છે. એટલું જ નહિ પણ સરકારી અનુદાનમાં પણ ઘટાડો થતો જાય છે. આનો અર્થ એવો થાય કે રાજ્ય સરકાર પંચાયતોની સામેલગીરી જે કંઈ છે તેમાં પણ ઘટાડો કરી રહી છે અને પંચાયતો પોતે વધારે નાણાં પોતાના સ્વભંડોળમાંથી પ્રાથમિક શિક્ષણ માટે ફાળવી શકે તેમ નથી.

## જિલ્લા પંચાયતો અને પ્રાથમિક શિક્ષણ

ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩ની કલમ-૧૫૪ અને કલમ-૧૪૫(૧)(૩) મુજબ જિલ્લા પંચાયતે અને જિલ્લા શિક્ષણ સમિતિએ ૧૮ કામો પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં કરવાનાં છે.

### ગ્રામ પંચાયતની શિક્ષણ અંગેની ફરજો

(૧) શિક્ષણનો ફેલાવો કરવો.
(૨) અખાડા, ક્રીડાંગણો, ક્લબો અને સ્ત્રીઓ તથા યુવકો માટે આનંદપ્રમોદનાં બીજાં કેન્દ્રોની સ્થાપના અને નિભાવ.
(૩) કળા અને સંસ્કાર-અભિવૃદ્ધિ માટે નાટ્યગૃહોની સ્થાપના અને તેનો નિભાવ.
(૪) પુસ્તકાલયો અને વાંચનાલયોની સ્થાપના અને તેમનો નિભાવ.
(૫) નશાબંધી-પ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ, પછાત વર્ગની સ્થિતિ સુધારવી, લાંચરૂશ્વતની નાબૂદી અને જુગાર તથા બીજી અસંસ્કારી પ્રવૃત્તિઓને ઉત્તેજન ન આપવા સહિત સામાજિક અને નૈતિક શિક્ષણનો કાર્યક્રમ હાથ ધરવો.
(૬) રાજ્યે કરેલા આયોજન પ્રમાણે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત દાખલ કરવામાં મદદ કરવી.
(૭) શાળા માટે મકાનની અને શિક્ષણ માટે જરૂરી સાધનસામગ્રીની જોગવાઈ કરવી.
(૮) પૂર્વ-પ્રાથમિક શિક્ષણ તેમ જ બાળ-કલ્યાણની પ્રવૃત્તિ કરવી.
(૯) શાળાનાં મકાનોનાં મરામત તથા નિભાવ.
(૧૦) શાળા ફંડનો વહીવટ કરવો.
(૧૧) વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં જરૂરી આર્થિક સહાય કરવી.
(૧૨) શાળાના ઉત્સવો ઉજવવા અને સમારંભો યોજવા.
(૧૩) લોકશિક્ષણની દૃષ્ટિએ સંસ્કાર-કાર્યક્રમો યોજવા.
(૧૪) શાળાનાં બાળકો માટે શક્ય હોય તો આહાર-ઉપાહારની સગવડ કરવી.
(૧૫) માધ્યમિક શાળાઓની સ્થાપના, બાંધકામ અને નિભાવ.

### જિલ્લા શિક્ષણ સમિતિની ભૂમિકા

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કામગીરી બજાવવા જિલ્લા પંચાયતોમાં જિલ્લા શિક્ષણ સમિતિ(ડીઈસી)ની રચના થાય છે. આ સમિતિનાં મુખ્ય કાર્યો નીચે મુજબ હોય છે:

- શાળાની કામગીરી પર દેખરેખ રાખવી.
- શિક્ષકોની નિમણૂક કરવી.
- નવી શાળાઓ બાંધવી અને અન્ય બાંધકામ અંગેનાં કામો કરવાં.
- વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળે તે જોવું.

પરંતુ વાસ્તવમાં, જિલ્લા શિક્ષણ સમિતિ પાસે ઉપરનામાંથી એક પણ

કાર્ય કરવા માટેની વહીવટી સત્તા નથી. દા.ત.

- શિક્ષકોની નિમણૂક કરવાનું કાર્ય જિલ્લા શિક્ષણ સમિતિનું હોવા છતાં વ્યવહારમાં તે નિમણૂક કરતી નથી. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક એ અંગેના આદેશો જારી કરે છે.
- વિસ્તરણ અધિકારીઓની નિમણૂક કરવાની જવાબદારી પણ રાજ્ય સરકાર નિભાવે છે.
- વર્ગખંડો બાંધવાની જવાબદારી જિલ્લા શિક્ષણ સમિતિને સોંપાઈ છે પરંતુ ખરેખર તો રાજ્ય સરકાર જ એ કામ સંભાળે છે. તેથી જિલ્લા પંચાયતના સભ્યોને કેટલા વર્ગખંડો બંધાયા તેની ખબર પણ હોતી નથી. વર્ગખંડોના સમારકામ માટેનું અનુદાન રાજ્ય સરકાર દ્વારા જિલ્લા શિક્ષણ સમિતિને આપવામાં આવે છે.

## જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ભૂમિકા

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (ડીપીઈઓ)ની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. તેઓ રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામકનાં માર્ગદર્શન અને સૂચનાઓ અનુસાર કામ કરે છે. જો કે, તેઓ જિલ્લા શિક્ષણ સમિતિ માટે કામ કરે છે પણ કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં તેઓ સમિતિ સાથે વિચાર-વિમર્શ કરતા નથી.

## જિલ્લા પંચાયતના પ્રતિનિધિઓનો પ્રતિભાવ

જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માને છે કે જિલ્લા શિક્ષણ સમિતિની અને જિલ્લા પંચાયતની પાસે પ્રાથમિક શિક્ષણને લગતી વહીવટી સત્તાઓ બિલકુલ નથી. તેઓ કહે છે કે તેઓ શિક્ષકોની બદલી કરી શકતા નથી કે તેમને સજા પણ કરી શકતા નથી. અમદાવાદ જિલ્લામાં અનેક શિક્ષકોની જગ્યાઓ ખાલી છે પણ જિલ્લા શિક્ષણ સમિતિ તે જગ્યાઓ ભરી શકતી નથી. શિક્ષકોની ભરતીમાં સમિતિની કોઈ ભૂમિકા નથી. તેમણે એમ પણ કહ્યું કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપર જિલ્લા શિક્ષણ સમિતિનો કોઈ જ અંકુશ નથી અને તેથી સમિતિ તેમનાં કામોનું નિયમન કરી શકતી નથી.

તેમણે એક દાખલો આપતાં એમ કહ્યું કે ૧૯૯૭-૯૮માં સઘન શિક્ષણ યોજના અન્વયે વર્ગખંડો વધારવાના હતા ત્યારે રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વર્ગો બાંધવાનું કામ લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને બારોબાર સોંપી દેવામાં આવ્યું હતું. વાસ્તવમાં વર્ગખંડો બાંધવાનું કામ જિલ્લા પંચાયતનું છે પણ રાજ્ય સરકારે જિલ્લા પંચાયતો કે જિલ્લા શિક્ષણ સમિતિઓને આ બાબતની જાણ સુધ્ધાં કરી નહોતી.

તેમણે પ્રાથમિક શિક્ષણને સુધારવા માટે આ મુજબનાં સૂચનો કર્યાં હતાં:

(૧) શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયનાં વધારાનાં કામો ન કરાવવાં જોઈએ. કારણ કે સરકારી હુકમોથી કરવાં પડતાં વધારાનાં કામોને લીધે તેમની પાસે બાળકોને ભણાવવાનો સમય જ રહેતો નથી.

(૨) શાળાના આચાર્યો પાસે ખૂબ જ વહીવટી કામો હોય છે. તેથી તેઓ શિક્ષણ પર પૂરતું ધ્યાન આપી શકતા નથી. તેથી શાળાને ખંડ સમયના ક્લાર્ક આપવાની જરૂર છે. કમ-સે-કમ પે સેન્ટર શાળાને તો એક પૂર્ણ સમયના ક્લાર્કની જરૂર છે જ.

(૩) શિક્ષકોની હાજરી, શિસ્ત અને બદલી અંગેની સત્તાઓ જિલ્લા પંચાયત પાસે હોવી જોઈએ કે જેથી શિક્ષકો પર અસરકારક અંકુશ રહી શકે.

(૪) કાયદામાં જિલ્લા શિક્ષણ સમિતિને જે કામો સોંપવામાં આવ્યાં છે તે અંગેની વહીવટી સત્તાઓ તેને મળવી જોઈએ.

(૫) પંચાયત કાયદામાં જિલ્લા પંચાયતને પ્રાથમિક શિક્ષણ અંગે જે ફરજો સોંપવામાં આવી છે તે અંગે તમામ વહીવટી સત્તાઓ તેને મળવી જોઈએ અને તે માટેનું નાણાકીય અનુદાન પણ તેના ઉપયોગની સંપૂર્ણ સ્વતંત્રતા અને સત્તા સાથે રાજ્ય સરકાર પાસેથી મળવું જોઈએ.

## તાલુકા પંચાયત અને પ્રાથમિક શિક્ષણ

ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩ની કલમ-૧૩૦ હેઠળ તાલુકા પંચાયતને પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં ૨૨ કામો સોંપવામાં આવ્યાં છે. પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે તાલુકા પંચાયતનાં ઉપરોક્ત કાર્યોના સંદર્ભમાં તાલુકા પંચાયત પાસે આ કાર્યો કરવા માટે નાણાકીય અને વહીવટી ક્ષમતાઓ અને સત્તાઓ હોવાં જોઈએ, પણ તે નથી. તાલુકા પંચાયત માત્ર જિલ્લા પંચાયતના માર્ગદર્શન અને સૂચનાઓ મુજબ જ કામ કરે છે. તાલુકા પંચાયત શિક્ષકો માટે પગાર કરનારું એકમ છે કારણ કે પે સેન્ટર શાળાઓ જે તે જૂથની શાળાઓના શિક્ષકોનો પગાર તેની પાસેથી મેળવે છે. પે સેન્ટર શાળાઓ તાલુકા પંચાયતના સંબંધિત અધિકારીને હાજરીપત્રકો આપે છે અને અન્ય દસ્તાવેજો પણ સુપરત કરે છે.

તાલુકા પંચાયતોમાં કેળવણી નિરીક્ષક અને બીટ નિરીક્ષક પ્રાથમિક શાળાઓ પર નિયમન રાખનારા બે મુખ્ય અધિકારીઓ છે. પરંતુ તેમના ઉપર તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનો કોઈ જ અંકુશ નથી. તેઓ માત્ર તાલુકા વિકાસ અધિકારી (TDO)ને જ જવાબદાર છે અને તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) તથા જિલ્લા વિકાસ અધિકારી (DDO)ને જવાબદાર હોય છે. ગુજરાત પંચાયત ધારા મુજબ તાલુકા પંચાયતે તાલુકા શિક્ષણ સમિતિ (TEC)ની રચના કરવાની હોય છે, પરંતુ વ્યવહારમાં પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે આ તાલુકા શિક્ષણ સમિતિને કોઈ વહીવટી સત્તા હોતી નથી.

## ગ્રામ પંચાયતો અને પ્રાથમિક શિક્ષણ

ગુજરાત પંચાયત ધારાની કલમ-૯૯ અનુસાર અને અનુસૂચિ-૧ મુજબ ગ્રામ પંચાયતોને પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં ૧૫ કાર્યો સોંપવામાં આવ્યાં છે.

ગુજરાત પંચાયત ધારામાં ગ્રામ પંચાયતોને પ્રાથમિક શિક્ષણને ગામ સ્તરે પ્રોત્સાહન આપવા માટે આ કાર્યો સોંપવામાં આવ્યાં છે પણ ગ્રામ પંચાયતો પાસે એ કાર્યો કરવા માટેની નાણાકીય અને વહીવટી સ્વાયત્તતા નથી. મોટે ભાગે પંચાયતો રાજ્ય સરકારની યોજનાઓનો અમલ કરનારી સંસ્થાઓ તરીકે જ કામો કરે છે કે જેમને રાજ્યના અમલદારો દ્વારા માર્ગદર્શન મળે છે અથવા કેન્દ્ર સરકારના હુકમો અનુસાર તેમણે કામ કરવું પડે છે. પંચાયતોના પ્રતિનિધિઓને આ પ્રવૃત્તિ હાથ ધરવા માટે વાસ્તવમાં કોઈ સત્તાઓ નથી.

### ગ્રામ પંચાયતના સભ્યોના પ્રતિભાવ

સરપંચો અને પંચાયતના અન્ય સભ્યોને એમ લાગે છે કે પ્રાથમિક શિક્ષણની બાબતમાં તેમને અવગણવામાં આવે છે. તેઓ પ્રાથમિક શાળાની કામગીરીમાં પોતાનું કંઈક પ્રદાન હોય તેમ ઈચ્છે છે. તેમણે શિક્ષકોની અનિયમિતતાની અને ભણાવવા અંગેની શિક્ષકોની અક્ષમતાની ફરિયાદ કરી હતી. સાતમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ એક સાદું વાક્ય પણ લખી શકતા નથી એમ તેમણે જણાવ્યું હતું. તેઓ કહે છે કે શિક્ષકો કંઈ ભણાવતા જ નથી.

ગ્રામ પંચાયતના સભ્યો એમ પણ કહે છે કે પ્રાથમિક શાળાની કામગીરી અંગેની તેમની ફરિયાદો અને રજૂઆતો સામાન્યતયા સંભળાતી નથી અને એમના પર કંઈ પગલાં લેવાતાં નથી. સરકાર દ્વારા ચાલતી આ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા નીચી હોવાને લીધે માબાપો તેમનાં બાળકોને વહેલાલ જેવાં મોટાં ગામોમાં તો ખાનગી શાળામાં જ મૂકે છે.

સરપંચો, ભૂતપૂર્વ સરપંચો અને ગ્રામ પંચાયતોના ચાલુ અને ભૂતપૂર્વ સભ્યોને એમ લાગે છે કે પ્રાથમિક શાળાઓને સુધારવા માટે કે વિદ્યાર્થીઓ માટે કંઈક કરવાની તેમની કોઈ કાર્યગત ક્ષમતા જ નથી કારણ કે તેમની પાસે નાણાકીય સંસાધનોનો અભાવ છે. તેઓ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે સક્રિયપણે સામેલ થવા ઈચ્છે છે પણ તેમને ઉચ્ચ કક્ષાના સત્તાવાળાઓ તરફથી કોઈ સત્તાવાર પ્રોત્સાહન મળતું નથી. પ્રાથમિક શાળાઓ જેવી સામાજિક સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવાની કાનૂની સત્તાઓ ગ્રામ પંચાયતના સભ્યોને છે, પણ સંબંધિત સત્તાવાળાઓ આ સત્તાને માન્ય રાખતા જ નથી. દા.ત. કોઈ સરપંચ કોઈ ગેરહાજર રહેતા શિક્ષક સામે પગલાં લઈ શકતા નથી. તેઓ માને છે કે પ્રાથમિક શિક્ષકો ગ્રામ પંચાયતોને સહેજ પણ જવાબદાર નથી.

### ગ્રામ પંચાયતોએ પ્રાથમિક શિક્ષણને મજબૂત કરવા કરેલી પહેલ

ગ્રામ પંચાયતોએ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે કરવાનાં કામોની યાદી ઘણી લાંબી છે તેમ છતાં તેઓ કામ કરવાનાં સત્તા અને નાણાંના અભાવે કશું કરી શકતી નથી. તેમ છતાં, તેમણે તેઓ જે કંઈ રીતે કરી શકે તે રીતે પોતાની જાતને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે સામેલ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેનાં કેટલાંક ઉદાહરણો આ મુજબ છેઃ

(૧) વહેલાલ ગામમાં સરપંચ નિયમિતપણે ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લે છે અને જરૂરી હોય તો શિક્ષકોને માર્ગદર્શન આપે છે. તેઓ જો શિક્ષકો શાળામાં નિયમિતપણે હાજરી ના આપતા હોય તો તેમને કડક મૌખિક ચેતવણીઓ પણ આપે છે.

(૨) વહેલાલ ગામમાં ગ્રામ પંચાયતે પ્રાથમિક શાળાની પાણીની પાઈપલાઈનનું સમારકામ કરાવ્યું. શાળાના પ્રાંગણમાં ગ્રામજનોના ફાળાથી પાણીની ટાંકી પણ પંચાયતે બંધાવી છે.

(૩) હંસપુરા ગામમાં ગ્રામ પંચાયતે પ્રાથમિક શાળાના પ્રાંગણની ભીંત જવાહર રોજગાર યોજનાનાં નાણાંમાંથી બંધાવી છે.

(૪) મિરોલી ગામમાં ગ્રામ પંચાયતની પહેલથી સ્થાનિક દાતાઓ દ્વારા પ્રાથમિક શાળામાં પંખા આપવામાં આવ્યા.

(૫) કાણિયેલ ગામમાં પ્રાથમિક શાળાનું વીજળીનું બિલ ગ્રામ પંચાયત દ્વારા ભરવામાં આવે છે.

(૬) ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોએ ગ્રામ પંચાયત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં મીઠાઈ અને ચોકલેટ વગેરે વહેંચે છે.

(૭) હંસપુરા ગામમાં ગ્રામ પંચાયત દર વર્ષે પ્રાથમિક શાળામાં બાળકોને મોકલવા માટેની ઝુંબેશમાં સક્રિયપણે સામેલ થાય છે.

### પ્રાથમિક શાળાના શિક્ષકોના પ્રતિભાવ

મોટે ભાગે શિક્ષકો પંચાયતોની પ્રવૃત્તિઓ વિશે જાણતા હોય છે પરંતુ તેઓ પંચાયતોના સભ્યો સાથે કોઈ નિયમિત સંપર્ક ધરાવતા નથી. તેઓ ૭૩મા બંધારણીય સુધારા અંગે કશું જાણતા નથી અને પંચાયતોના સુધરેલા દરજ્જા તથા વધેલી સત્તાઓ વિશે પણ કશું જાણતા નથી. અને તેથી તેઓ જો ગ્રામ સભા ભરાય તો, ગ્રામ સભાની બેઠકોમાં પણ હાજરી આપતા નથી. તેમને એમ પણ લાગે છે કે ગ્રામ સભામાં તેમની હાજરી જરૂરી નથી. શિક્ષકો ગામના રાજકારણથી અને ગામમાં પ્રવર્તમાન જ્ઞાતિવાદી જૂથકારણથી ગભરાય પણ છે. તેથી તેઓ ગ્રામ

પંચાયતની કામગીરીમાં ઝાઝો રસ બતાવતા નથી.

મોટા ભાગના શિક્ષકો ગામની બહારથી આવે છે. તેઓ કાં તો નજીકના મોટા ગામમાંથી આવતા હોય છે અથવા અમદાવાદથી આવે છે. તેથી પણ તેઓ ગ્રામ પંચાયતની કામગીરીમાં રસ લેતા નથી. સ્વાતંત્ર્ય દિન કે પ્રજાસત્તાક દિન જેવા વિશેષ દિવસોના પ્રસંગોમાં સરપંચને અથવા ગામનાં અન્ય મોટેરાંઓને નિમંત્રવામાં આવે છે. પરંતુ એ પણ પ્રાથમિક શાળાના પ્રાંગણમાં એક ઔપચારિક મેળાવડો થઈ જતો હોય છે.

અલબત્ત, જો પંચાયતો પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે રસ લે તો શિક્ષકોને લાગે છે કે માળખાગત સવલતો સુધરશે. પરંતુ તેઓ એમ ઈચ્છતા નથી કે તેમના પગાર ગ્રામ પંચાયતો કરે કારણ કે તેમને પંચાયતના સભ્યોના હાથે તેમની સતામણી થાય એવો ડર તેમને લાગે છે. તેઓ માને છે કે પગારની ચુકવણી માટેનું પ્રવર્તમાન માળખું યથાવત્ રહેવું જોઈએ, કે જે વધુમાં વધુ તાલુકા પંચાયતને સામેલ કરે છે. શિક્ષકોએ એવી ફરિયાદ પણ કરી કે મોટે ભાગે સરપંચ અને પંચાયતના અન્ય સભ્યો માત્ર તેમની હાજરી અંગેની બાબતોમાં જ શાળામાં દખલગીરી કરે છે.

શિક્ષકોએ એમ પણ કહ્યું કે ક્યારેક પંચાયત કરતાં સ્થાનિક ગ્રામજનો પ્રાથમિક શિક્ષણમાં વધારે રસ લેતા હોય છે. સરપંચો અને ગ્રામ પંચાયતોના સભ્યો સામાન્યતયા નિરક્ષર હોય છે અને શિક્ષકો તેમના ચરણે બેસવા માંગતા નથી અને વ્યક્તિગત રીતે કે સ્થાનિક રાજકારણનો તેઓ ભોગ બનવા માગતા નથી. પરિણામે, તેઓ પ્રાથમિક શાળામાંની તેમની સમસ્યાઓ અંગે પંચાયતોના સભ્યોનો સંપર્ક કરવાનું પસંદ કરતા નથી. શિક્ષકો એ પણ જાણે છે કે ગ્રામ સભાનાં કાર્યો અને સત્તાઓ અંગે તેઓ કશું જાણતા નથી. તેથી તેમણે પ્રાથમિક શાળાઓની વધારે સારી કામગીરીમાં તેમને સામેલ કરવા માટે કશું નક્કર કામ કર્યું નથી. સામાન્યતયા તેઓ પંચાયતોને ભ્રષ્ટ અને કામ ન કરતી વ્યવસ્થા તરીકે જ જુએ છે.

## ઉપસંહાર

પ્રાથમિક શિક્ષણમાં સત્તાની વહેંચણી અંગેનો આ અભ્યાસ ગુજરાતમાં પંચાયતી રાજ સંસ્થાઓની વાસ્તવિક સ્થિતિ દર્શાવે છે. ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ તે પછી ગુજરાત પંચાયતી રાજના અમલમાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત પંચાયત ધારો-૧૯૬૧ અને તેનો ૧૯૯૩નો નવો અવતાર ગ્રામ વિસ્તારોમાં શાસનના નાનામાં નાના એકમને વહીવટી અને રાજકીય સત્તાની વહેંચણી કરવામાં સાધનરૂપ રહ્યા છે. અલબત્ત, તેમાં તમામ પ્રકારની સ્વાયત્તતા ઓછામાં ઓછી જ રહી છે.

ગુજરાત ઔદ્યોગિક રીતે વિકસિત રાજ્ય છે પણ વિકાસનાં ફળ સમાજના નીચલા સ્તર સુધી પહોંચ્યાં નથી. એ જ રીતે જાહેર નિસબત અને રોકાણને લાગેવળગે છે ત્યાં સુધી સામાજિક ક્ષેત્રના વિકાસની પણ અત્યંત અવગણના થતી રહી છે. પ્રાથમિક શિક્ષણ આમાંનું એક ક્ષેત્ર છે. ગુજરાતમાં સ્થાનિક સ્તરે પ્રવર્તમાન પરિસ્થિતિ જોયા પછી અને માનવ વિકાસના ભાવિ માટે તેના અમલના સંદર્ભમાં ગુજરાતમાં પંચાયતી રાજની સંસ્થાઓને રાજ્યમાં સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ માટે ખૂબ જ મજબૂત કરવી જોઈએ. વાસ્તવમાં, પહેલા ધોરણમાં આશરે ૧૭ લાખ વિદ્યાર્થીઓ પ્રવેશે છે અને ૧૦મા ધોરણમાં એટલે કે જાહેર બોર્ડની પ્રથમ પરીક્ષામાં આશરે ૩.૫ લાખ વિદ્યાર્થીઓ જ બેસે છે. એટલે કે આશરે ૧૪.૫ લાખ વિદ્યાર્થીઓ અધવચ્ચે શાળા છોડી જાય છે.

પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે પ્રવર્તમાન આ ખરાબ સ્થિતિ જો આપણે બદલવા માગતા હોઈએ તો, આપણે મૂળમાંથી જ તેના વહીવટને બદલવો પડશે. આપણે તેથી સત્તાના કેન્દ્રીકરણના વલણ ઉપર ઘા કરવો પડશે અને તે સત્તાઓ છેક છેવાડાના સ્તર સુધી એટલે કે પંચાયતી રાજની સંસ્થાઓ સુધી વહેંચવી પડશે. તદનુસાર ગુજરાતમાં પંચાયતી રાજની સંસ્થાઓ દ્વારા સાર્વત્રિક શિક્ષણ સિદ્ધ કરવા માટે નીચેની બાબતો થવી જોઈએ:

(૧) ગ્રામ પંચાયતો પાસે જે તે ગામની પ્રાથમિક શાળાઓનું આયોજન, અમલ અને દેખરેખ માટેની સત્તા હોવી જોઈએ. તેથી તેમને રાજ્ય સરકાર દ્વારા પૂરતું વિશિષ્ટ અનુદાન અપાવું જોઈએ. તમામ ગ્રામ પંચાયતોમાં કામ કરતી ગ્રામ શિક્ષણ સમિતિ (વી.ઈ.સી.) સત્તાઓ સાથે હોવી જોઈએ. ગ્રામ પંચાયતો અને ગ્રામ શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રની કામગીરી ગ્રામ સભાની બેઠકમાં રજૂ થવી જોઈએ. પછી ગ્રામ સભાની ભલામણોને ગંભીરતાથી લેવી જોઈએ અને તેમનો અમલ થવો જોઈએ.

(૨) ગ્રામ પંચાયતો અથવા ગ્રામ શિક્ષણ સમિતિઓ પાસે ગામના પ્રાથમિક શિક્ષકોનો પગાર નક્કી કરવાની અને તે આપવાની અને તેમના અંગત અહેવાલ (સીઆર) તૈયાર કરવાની સત્તા હોવી જોઈએ. પ્રાથમિક શાળાની કામગીરીમાં તેમનો પણ કંઈક અવાજ હોવો જોઈએ. ગ્રામ પંચાયતો અને ગ્રામ શિક્ષણ સમિતિઓને અસરકારક બનાવવા માટે પ્રાથમિક શિક્ષણના વહીવટ અંગે તેમના સભ્યોને તાલીમ આપવી જોઈએ.

**જુઓ પૃષ્ઠ ૧૪**

# ગુજરાતમાં ભૂકંપ રાહત અને પુનર્વસનમાં પંચાયતોની ભૂમિકા

આ લેખ 'ઉન્નતિ' દ્વારા હાથ ધરાયેલા અભ્યાસ પર આધારિત છે. ભૂકંપ બાદ આપત્તિ સંચાલનમાં પંચાયતોની ભૂમિકા વિશે આ અભ્યાસ હાથ ધરાયો હતો. અભ્યાસ કરનારાઓમાં **સુશ્રી એલિસ મોરિસ, શ્રી તાપસ સત્પથી, શ્રી સંજય દવે, સુશ્રી સ્વાતિ સિંહા** અને **શ્રી પ્રકાશ બાચાવાલાનો** સમાવેશ થાય છે.

## સંદર્ભ

પ્રજાસત્તાક દિન, ૨૦૦૧ના રોજ ગુજરાતમાં જે ધરતીકંપ આવ્યો તેણે લગભગ ૯૦૦ ગામો અને ૧૦ નગરોનો વિનાશ કર્યો. કચ્છ જિલ્લામાં ભુજ, અંજાર, ભચાઉ અને રાપર તાલુકામાં મોટા પાયે વિનાશ થયો. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં અબડાસા, નખત્રાણા, લખપત અને ગાંધીધામ, રાજકોટમાં મોરબી અને માળિયા, સુરેન્દ્રનગરમાં ધ્રાંગધ્રા અને હળવદ, જામનગરમાં જોડિયા અને ઓખામંડળ તથા પાટણ જિલ્લામાં રાધનપુર અને સાંતલપુર તાલુકામાં ભારે વિનાશ થયો હતો. અમદાવાદ શહેરમાં પણ ભૂકંપની અસર જબરજસ્ત હતી અને ત્યાં આશરે, ૮૦૦ જણાએ જાન ગુમાવ્યા હતા. એક એવો અંદાજ છે કે માલ-મિલકતના નુકસાન ઉપરાંત ગુજરાતમાં લાખો લોકોને અસર થઈ હતી.

કચ્છ આપત્તિ સંભવ વિસ્તાર છે. છેલ્લાં ૫૦ વર્ષમાં વાવાઝોડું, ભૂકંપ અને દુકાળ સહિત ૩૮ વખત આપત્તિઓનો તે ભોગ બન્યું છે. દરેક વખતે આપત્તિ આવે છે અને આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવું થાય છે. તત્કાલીન જરૂરિયાત અને સંસાધનોના ઉપયોગના સંદર્ભમાં જે કંઈ કરવાનું હોય તે થાય છે, અને કટોકટીની સ્થિતિને પહોંચી વળાય છે. અત્યાર સુધી આપત્તિ સંચાલન અને તેના સામનાની તૈયારીના સંદર્ભમાં કોઈ લાંબા ગાળાનું આયોજન થયું નથી. જ્યારે આપત્તિ આવે છે ત્યારે તત્કાળ રાહત કાર્ય કરવા માટે તો સ્થાનિક સમુદાય અને સ્થાનિક સંગઠનો જ હોય છે. તેમને તાલીમ ભલે ના મળી હોય, પરંતુ તેઓ રાહતની પ્રવૃત્તિમાં મહત્ત્વનું પ્રદાન આપે છે. બચાવ, રાહત અને પુનર્વસનનું કામ કરવા માટે બહારની સંસ્થાઓ તો થોડા સમય પછી આવે છે. આ સંસ્થાઓ અમુક સમયગાળા સુધી રહે છે અને પછી જતી રહે છે. પછી તો સ્થાનિક સમુદાયે જ આપમેળે ઊભા થવાનું હોય છે. સ્થાનિક રીતે સ્વયંસેવકો મળે એ જરૂરી છે અને તેમને સંગઠિત કરવા જરૂરી છે કે જેથી તેમની અસરકારકતા વધે. સ્થાનિક સમુદાયો અને સંસ્થાઓને આપત્તિના અસરકારક સંચાલન માટે વ્યવસ્થિત રીતે સંગઠિત કરવાની જરૂર છે.

ગામ, તાલુકા, જિલ્લા સ્તરે પંચાયતો અને નગરોમાં નગર પંચાયતો એ આપણા સ્થાનિક શાસનનું એક પાસું છે. પંચાયતો આપત્તિના સામના માટે સમુદાયને તૈયાર કરવામાં વિધાયક ભૂમિકા ભજવી શકે તેમ છે. ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે નાનાં નાનાં જૂથો હોય અને તેમને જરૂરી કુશળતા અને સંસાધનો પૂરાં પાડીને સક્ષમ કરાય તે આવશ્યક છે. આ જૂથો લાંબા સમય સુધી ટકે એ જરૂરી છે કે જેથી તેઓ સતત કામ કરી શકે અને આપત્તિના સામના માટેની તૈયારી એ સતત ચાલતી પ્રક્રિયા બની શકે.

આ સંદર્ભમાં 'ઉન્નતિ'એ પંચાયતો અને નગરપાલિકાઓએ ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનર્વસનમાં ભજવેલી ભૂમિકા વિશે એક કાર્યલક્ષી સંશોધન અભ્યાસ હાથ ધર્યો હતો. તેનો હેતુ તેમણે આપત્તિનો પ્રતિભાવ આપવામાં શી ભૂમિકા ભજવી છે તે શોધી કાઢવાનો, તેમાં રહી ગયેલી ખામીઓ શોધવાનો અને એ ખામીઓ દૂર કરવામાં તેમનું શું પ્રદાન હોઈ શકે તે નક્કી કરવાનો હતો.

## રાહત અને પુનર્વસનમાં પંચાયતોની ભૂમિકાઃ અભ્યાસનાં તારણો

કચ્છમાં જુલાઈ-ઓગસ્ટ, ૨૦૦૧ દરમ્યાન ભુજ, રાપર, અંજાર અને ભચાઉ તાલુકામાં આ અભ્યાસ કરાયો. તેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુલાકાત લઈને માહિતી ભેગી કરાઈ. ઉપરાંત સરકારી અધિકારીઓને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા લખાયેલા પત્રો અને સુપરત કરાયેલાં આવેદન પત્રોનો અભ્યાસ કરાયો અને સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરની મુલાકાતો પણ લેવાઈ. પંચાયતોના ૨૮ સભ્યોની મુલાકાત લેવાઈ. તેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ, ભૂતપૂર્વ સરપંચો, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ, કારોબારી સમિતિના અધ્યક્ષ અને મહિલા પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. ઉપરાંત, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ તાલુકા વિકાસ અધિકારી સાથે તેમ જ ત્યાં કામ કરતી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મીટિંગો યોજાઈ. જ્યાં ગામની સમિતિએ રાહતમાં સક્રિય ભૂમિકા ભજવી એવા બે કિસ્સાનું દસ્તાવેજીકરણ

કરાયું છે. અગત્યનાં તારણો નીચે મુજબ છેઃ

(૧) ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોના મોટા ભાગના સભ્યોએ અને ખાસ કરીને તાલુકા-જિલ્લા પંચાયતોના પ્રમુખોએ રાહતની કામગીરીમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે ખોરાક, પાણી અને દવાઓ સ્થાનિક રીતે એકત્ર કરવાનો પ્રયત્ન કર્યો હતો. પોતાનાં ગામો ઉપરાંત અન્ય ગામોમાં પણ તેમણે રાહતની કામગીરી કરી હતી.

(૨) બહારની સંસ્થાઓ ત્રણ દિવસ પછી આવે ત્યાં સુધી તેમણે રાહતની કામગીરી કરી હતી.

(૩) રાહત સામગ્રીની વહેંચણી માટે તેમણે ગામ સ્તરે સમિતિઓની રચના કરી હતી. આ સમિતિઓ કશાય ભેદભાવ વિના વિતરણ કરતી હતી. જો કે, તેમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ નહોતું. અન્ય ગામોમાં પણ તેમણે કામ કર્યું હતું. જેમણે પોતાનાં કુટુંબીજનો અને ઘર ગુમાવ્યાં હતાં તેઓ પણ આ સમિતિઓમાં હતા.

(૪) પુનર્વસનના ગાળામાં સરકાર, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દાતા સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમને અવગણી.

(૫) તાલુકા-જિલ્લા પંચાયતના ઘણા સભ્યોએ ગુજરાત બહાર વસતા કચ્છીઓનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો અને તેમને મદદ મોકલવા માટે વિનંતી કરી. સરકારી અધિકારીઓ અને પ્રધાનો સાથે પણ તેમણે વાતચીત કરી અને પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રત્યે તેમનું ધ્યાન દોર્યું હતું.

(૬) પુનર્વસન અને પુનર્નિમાણ અંગેની માહિતી અને ખાસ કરીને સરકારી પેકેજ અને વળતર વિશેની માહિતી જિલ્લા પંચાયતના પ્રમુખને નહોતી. આથી આમ આદમીને માહિતી મેળવવામાં મુશ્કેલી પડતી હતી. વર્તમાન વ્યવસ્થામાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ નથી.

(૭) સરકાર જ્યાં કામ કરતી હતી ત્યાં રાહત સામગ્રીના વિતરણમાં ભેદભાવ પ્રવર્તતો હતો. અનેક ગામોમાં સામાજિક ન્યાય સમિતિઓના અધ્યક્ષોએ સરકારી અધિકારીઓના ધ્યાન પર આ વાત લાવી હતી. પરંતુ પછી કોઈ પગલાં લેવાયાં નહોતાં.

(૮) ગામ દત્તક લેવાય કે બીજે ખસેડાય તે સંદર્ભમાં નિર્ણય લેવા માટે ગ્રામ સભા મહત્ત્વની છે એમ ચૂંટાયેલા પ્રતિનિધિઓ માનતા હતા.

(૯) ભૂકંપના સંદર્ભમાં વર્તમાન વહીવટી માળખા ઉપરાંત બીજું એક સમાંતર માળખું પણ ઊભું કરાયું છે. કાયમી માળખાને ભૂકંપ સંબંધી બાબતો અંગે નિર્ણય લેવાની સત્તા નથી. ચૂંટાયેલા સભ્યો તેથી ગૂંચવાય છે અને નવા માળખા સાથે સંબંધ કેળવવાનું તેમને મુશ્કેલ લાગે છે.

## પંચાયતોના નેતૃત્વ હેઠળ પુનર્નિર્માણને પ્રોત્સાહન

અભ્યાસ દ્વારા તથા તાલુકા સ્તરની બેઠકોમાં આપત્તિ સંચાલનમાં પંચાયતોના સભ્યોનું મહત્ત્વ ઉપસી આવ્યું. તે એમ દર્શાવે છે કે તેમને રાહત અને પુનર્વસનની પ્રક્રિયામાં સક્રિય થવામાં રસ છે. અભ્યાસમાંથી બે અગત્યના મુદ્દા જણાઈ આવ્યાઃ

(૧) પંચાયતોને ભ્રષ્ટ ગણવામાં આવે છે અને તેમણે તેમનું ઉત્તરદાયિત્વ સાબિત કરવું પડે.

(૨) પંચાયતો વિકાસલક્ષી કામોનું આયોજન કરવા અને તે હાથ ધરવા માટે સક્ષમ નથી.

આ સંશોધનનો એક હેતુ એ હતો કે ગ્રામ પંચાયતો અને તેમની સમિતિઓ તથા સમુદાયો મળે, સંગઠિત થાય અને જાતે જ પોતાની જરૂરિયાતો નક્કી કરે તથા ગામની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સંસાધનો એકત્ર કરી તેવી સ્થિતિ ઊભી કરવી. અમલ પછી પંચાયતો અને સમુદાયો સંયુક્ત રીતે વહીવટ અને સંચાલન માટે જવાબદાર બને અને એ પ્રક્રિયા દરમ્યાન તેઓ ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા ઊભાં કરે. તેનાથી ગ્રામ પંચાયતની વિશ્વસનીયતા ઊભી થવામાં મદદ મળે.

આ સંદર્ભમાં ગામના આયોજનને પ્રોત્સાહન અપાયું. ચાર ગામોમાં પ્રાયોગિક ધોરણે સૂક્ષ્મ સ્તરીય આયોજન હાથ ધરાયું. ચારેય તાલુકામાંથી મહિલા સરપંચોવાળા જ ગ્રામ પંચાયતો નક્કી કરાઈ. તે માટે ૧૦ ગામોમાં બેઠકો યોજાઈ હતી. તેમાં સરપંચ, ઉપસરપંચ અને કેટલાક સ્થાનિક નેતાઓનો સંપર્ક કરાયો હતો અને તેમને યોજના સમજાવવમાં આવી હતી. ચર્ચા પછી ગામની સભાની તારીખ નક્કી કરવામાં આવતી હતી. આ સભાઓ દરમ્યાન આપત્તિ કાળમાં ગામની આગત્યની સમસ્યાઓ ઓળખી કઢાઈ, સમુદાય પ્રાથમિકતાના ધોરણે કયાં કામો કરી શકે તે નક્કી કરાયું, યોજના મુજબ પંચાયત સાથે કામ કરવાની લોકોની તૈયારી જોવાઈ તથા ઉત્તરદાયિત્વ અને પારદર્શિતાના પ્રશ્નોને પણ ધ્યાનમાં લેવાયાં. પંચાયતોને જો નાણાકીય ટેકો મળે તો તેઓ સ્થાનિક શાસનના શ્રેષ્ઠ નમૂના ઊભા કરી શકે અને કામ કરી શકે.

## ગામવાર કામોની યાદી

| ક્રમ | ગામ | તાલુકો | કામો |
|---|---|---|---|
| ૧. | કાંખોઈ | ભચાઉ | બોર બનાવવો, પાણીની પાઈપલાઈન નાખવી |
| ૨. | બંધડી | ભચાઉ | પાણીની ટાંકી, સ્ટેન્ડ પોસ્ટ, પાઈપલાઈન |
| ૩. | બનિયારી | ભચાઉ | બોર અને પાઈપલાઈન |
| ૪. | ચંદ્રોડા | અંજાર | પાણીનો પુરવઠો |

અંતે, ગામ સ્તરનું આયોજન હાથ ધરવા ચાર ગામો નક્કી કરાયાં. ભચાઉમાં બનિયારી, કાંખોઈ અને બંધડી તથા અંજારમાં ચંદ્રોડા નક્કી કરાયાં. આ ગામોમાં નિયત તારીખે ગ્રામ સભા ભરાઈ. તેમાં મુખ્ય પ્રશ્નોની ચર્ચા થઈ તેમાં પ્રાથમિકતા નક્કી કરાઈ અને ક્યા મુદ્દે સમુદાય તત્કાળ કામ કરવા તૈયાર છે તે નક્કી કરાયું. સમસ્યાના ઉપાય માટેના રસ્તા વિચારાયા. અમલની પ્રક્રિયામાં પંચાયતને અને લોકોને માસેલ કરવાના રસ્તા વિચારાયા. 'ઉન્નતિ' દરેક ગામમાં યોજનાના અમલ માટે રૂ. ૫૦,૦૦૦ આપશે. તેમણે તત્કાળ દુકાળનો સામનો કરવાનો છે અને મોટા ભાગનાં ગામો માને છે કે દુકાળના સામના માટેનાં કામો હાથ ધરવાનું યોગ્ય છે.

પછી સમુદાયે કામ મુજબ ખર્ચનો અંદાજ માંડ્યો. કેટલીક જગ્યાએ 'ઉન્નતિ'નાં નાણાં કરતાં વધુ ખર્ચ અંદાજાયો. ત્યાં ઘર દીઠ રૂ. ૫૦૦ ઉઘરાવવાનું નક્કી થયું, ધારાસભ્યના અનુદાનમાંથી રકમ મેળવવાનું નક્કી થયું અને શ્રમદાન આપવાનું નક્કી કરાયું. કામ ઉપર દેખરેખ રાખવા માટે એક સમિતિની રચના થઈ. તેમાં ગામના દરેક સમુદાયના પ્રતિનિધિઓ અને મહિલાઓનો સમાવેશ થાય છે. એક ખજાનચી પણ નક્કી કરાયા.

પંચાયતના લેટરહેડ પર ઠરાવ પસાર કરવા બીજી એક તારીખ નક્કી કરાઈ. તેમાં સભાની કાર્યવાહી અને ગ્રામ સભાના નિર્ણયો નોંધાયા. તલાટી, સરપંચ અને સમિતિના સભ્યોને સમજૂતી પર સહી સિક્કા કરવાની સત્તા અપાઈ. પછી 'ઉન્નતિ'એ જરૂરી નાણાં આપ્યાં. પંચાયત દેખરેખ રાખે, હિસાબ રાખે, કામ થાય અને તેમાં જવાબદારી અને પારદર્શિતા જળવાય તે માટે ટેકો પૂરો પડાય છે. કામો શરૂ થઈ ગયાં છે અને ચાલુ છે.

## પૃષ્ઠ ૧૧નું શેષ

(૩) તાલુકા પંચાયતોને જિલ્લા પંચાયતોની વહીવટી બેડીઓમાંથી મુક્ત કરવી જોઈએ અને ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩ની જોગવાઈઓ મુજબ કામો કરવાની વહીવટી સત્તાઓ હોવી જોઈએ. તાલુકા શિક્ષણ સમિતિને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે વધુ સક્રિય બનાવવી જોઈએ. તેથી તાલુકા વિકાસ અધિકારી, કેળવણી નિરીક્ષક અને બીટ નિરીક્ષકની કચેરીઓ તાલુકા શિક્ષણ સમિતિ અને તાલુકા પંચાયતને ઉત્તરદાયી હોવી જોઈએ. આ અધિકારીઓ દ્વારા થયેલાં તમામ કાર્યોને તાલુકા શિક્ષણ સમિતિ અને તાલુકા પંચાયત દ્વારા મંજૂરી મળવી જોઈએ.

(૪) જિલ્લા પંચાયતોમાં જિલ્લા શિક્ષણ સમિતિઓ હોય છે પણ તે અસરકારક નથી. તેમને પણ ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩ની જોગવાઈઓ અનુસાર કામ કરવાની વહીવટી સત્તાઓ મળવી જોઈએ. પ્રાથમિક શિક્ષણ માટેના નિશ્ચિત ભંડોળ ઉપરાંત જિલ્લા પંચાયતોને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અને ભૌતિક સુવિધાઓ સુધારવા માટે વિશેષ અનુદાન મળવું જોઈએ. જિલ્લા શિક્ષણ સમિતિઓ પાસે પ્રાથમિક શાળાઓ અને શિક્ષકો ઉપર અસરકારક અંકુશ રાખવાની અને તેમનું નિયમન કરવાની સત્તાઓ હોવી જોઈએ. એ જ રીતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી(ડીપીઈઓ)ની કચેરી અને તેમનાં પગલાં જિલ્લા શિક્ષણ સમિતિ અને જિલ્લા પંચાયતને જવાબદાર હોવાં જોઈએ. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જિલ્લા પંચાયત અને જિલ્લા શિક્ષણ સમિતિથી સ્વતંત્ર રીતે અને માત્ર રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જ કામ કરતા ન હોવા જોઈએ.

(૫) રાજ્ય સરકારે પંચાયતોને વિવિધ કાર્યક્રમોનો અમલ કરનારી સંસ્થા ન સમજવી જોઈએ. તેણે પ્રાથમિક શિક્ષણની ગુણાત્મક સુધારણા માટે પંચાયતો સહિતના તમામ હિતધારકોને સામેલ કરવા જોઈએ. પંચાયતોને પ્રાથમિક શાળાઓનું સંચાલન કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ અને તેમને પોતાની યોજનાઓ અને કાર્યક્રમોના અમલ માટે જરૂરી નાણાકીય સંસાધનો આપવાં જોઈએ. રાજ્ય નાણાં પંચ ત્રણેય સ્તરની પંચાયતોને રાજ્ય તરફથી ખાસ કરીને પ્રાથમિક શિક્ષણ માટે નાણાકીય સંસાધનો આપવાની સર્વગ્રાહી વ્યૂહરચના ઘડી કાઢી શકે છે.

(૬) કેન્દ્ર ખાતેનું નાણાં પંચ પણ પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ત્રણેય સ્તરની પંચાયતોને અનુદાન આપી શકે છે. આ નાણાં નિશ્ચિત ભંડોળ તરીકે ન ગણાય અને પ્રાથમિક શિક્ષણની સુધારણા માટે તે વાપરવાની સ્વતંત્રતા પંચાયતોને મળવી જોઈએ.

# ચૂંટણી પૂર્વે મતદાર જાગૃતિ ઝુંબેશ

ગુજરાતમાં ડિસેમ્બર-૨૦૦૧માં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમ્યાન 'ઉન્નતિ' અને સહભાગી સંસ્થાઓ દ્વારા મતદારોની જાગૃતિ માટે જે ઝુંબેશ ચલાવવામાં આવી તેનો ટૂંકો અહેવાલ અહીં 'ઉન્નતિ' નાં **સુશ્રી સ્વપ્ની શાહ** દ્વારા રજૂ કરાયો છે.

## પૂર્વભૂમિકા

ગુજરાતના ઈતિહાસમાં પહેલી જ વાર ગ્રામ પંચાયતોની ચૂંટણી લગભગ એક વર્ષ સુધી મુલતવી રહી હતી. જુન-૨૦૦૦માં ગ્રામ પંચાયતોની મુદત પૂરી થઈ હતી અને પછી સરકારે બે વાર દુકાળ અને ધરતીકંપને લીધે ચૂંટણી મોકૂફ રાખી હતી. તે દરમ્યાન ગ્રામ પંચાયતોમાં વહીવટદારો નીમવામાં આવ્યા હતા અને દરેક વહીવટદારને ઘણી વાર એક કરતાં વધારે પંચાયતો સોંપવામાં આવી હતી.

છેવટે ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ ચૂંટણી યોજાશે એવી જાહેરાત કરવામાં આવી. તે સાથે જ 'ચૂંટણી પૂર્વે મતદાર જાગૃતિ ઝુંબેશ' (પિવેક) શરૂ કરાઈ. આશરે ૬૦ જેટલી સંસ્થાઓ 'ઉન્નતિ' સાથે એકત્ર થઈ અને આશરે ૧૫ ટકા વિસ્તાર તેમણે ગુજરાતમાં આ ઝુંબેશ માટે આવરી લીધો. નવેમ્બર-૨૦૦૧માં તૈયારી રૂપે એક કાર્યશાળાનું આયોજન થયું. તેમાં આવરણ, સામગ્રીની તૈયારી અને નવતર વ્યૂહરચનાઓ વિશે ચર્ચા થઈ હતી. મતદાર જાગૃતિ ઝુંબેશના ઉદ્દેશો નીચે મુજબ રહ્યા હતાઃ

(૧) ગ્રામ સ્તરે મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે વાતાવરણ ઊભું થાય તે માટે પ્રયત્ન કરવો. અને તે રીતે ગ્રામ પંચાયત સ્તરે મતદાન વધે તેમ કરવું. ચૂંટણી લડવા માટે લોકો નિર્ભય બને અને પૈસા તથા શરાબ જેવી ચીજોનો ઉપયોગ ઓછો થાય તે માટે પ્રયત્નો કરવા.

(૨) ચૂંટણીની પ્રક્રિયામાં સ્ત્રીઓ અને નબળા વર્ગોની ભાગીદારી વધારવી.

(૩) ડમી ઉમેદવારો ઘટાડવા અને વધારે સારું નેતૃત્વ ઊભું થાય તે માટે પ્રોત્સાહન આપવું.

(૪) મતદારોને તેમના અધિકારો પ્રત્યે સંવેદનશીલ બનાવવા.

## ઝુંબેશનાં ઘટક તત્ત્વો

સમગ્ર પ્રક્રિયા હેતુઓની સિદ્ધિ વધુમાં વધુ થાય તેના આધારે જ ગોઠવાઈ હતી. તેનો હેતુ આ પ્રક્રિયામાંથી જે કંઈ શીખવા મળે તેને સંસ્થાગત સ્વરૂપ આપવાનો પણ હતો. આ પ્રક્રિયાને નીચેની પ્રવૃત્તિઓમાં વહેંચવામાં આવી હતીઃ

### (૧) ઝુંબેશ માટે કાર્યલક્ષી યોજના ઘડવી

૨૨ અને ૨૩, નવેમ્બર, ૨૦૦૧ના રોજ લગભગ ૬૦ સહભાગી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથેની બેઠકમાં આખરી વ્યૂહરચના ઘડવામાં આવી. બિહારના અનુભવોની તેમાં વિગતવાર રજૂઆત થઈ. રાજસ્થાનમાં 'ઉન્નતિ'ના જે અનુભવો રહ્યા હતા તેના વિશે પણ તેમાં રજૂઆત થઈ.

### (૨) સહયોગીઓની ઓળખ

'ઉન્નતિ' ગુજરાતમાં વર્ષોથી કામ કરે છે અને ઔપચારિક તથા અનૌપચારિક સ્તરની ચર્ચાઓ અને સહયોગથી ઘણાં વિકાસલક્ષી સ્વૈચ્છિક સંગઠનોમાં એક પ્રકારનું વિચારધારાકીય પરિવર્તન આવ્યું છે. પ્રશિક્ષકોના ક્ષમતા વર્ધન માટેની તાલીમ (ટીસીબીટી)એ તેમાં અગત્યની ભૂમિકા ભજવી છે. તેનાથી સહયોગી સંગઠનોને ઓળખી કાઢવામાં મદદ મળી. તાલુકા-જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં આ સંબંધ વધારે ગાઢ બન્યો હતો.

### (૩) સામગ્રી તૈયાર કરવી

મુખ્યત્વે ૭૩મા બંધારણીય સુધારા અને રાજસ્થાનમાં 'ઉન્નતિ'ના અનુભવોને આધારે કયા મુદ્દા ઉઠાવવા જોઈએ તે નક્કી થયું. મહદંશે મહિલાઓ માટેની અનામત અને ડમી ઉમેદવારોના ઘટાડા સાથે તે સંબંધિત હતા. એક પોસ્ટર (ભીંતચિત્ર)માં સારા ઉમેદવારના ગુણોને આવરી લેવાયા, જ્યારે બીજા એક ભીંતચિત્રમાં ગામના વિકાસમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે તેને આવરી લેવામાં આવી. ઉમેદવારી પત્ર ભરવાની કાર્યવાહી અંગે જ એક બીજું પોસ્ટર બનાવવામાં આવ્યું. અમારા સહભાગીઓનાં બે ભીંતચિત્રો પણ વહેંચવામાં આવ્યાં. મતદારોના અધિકારો, સારા ઉમેદવારની ચૂંટણી અને ગામના વિકાસ અંગે બે વિડિયો કેસેટ્સ અને બે ઓડિયો કેસેટ્સ પણ વહેંચવામાં આવી.

### (૪) અમલ

દરેક સંગઠન કયો વિસ્તાર આવરી લેશે તે નક્કી કરવામાં આવ્યું

### મતદાર જાગૃતિ ઝુંબેશનું આવરણ

| જિલ્લો | તાલુકા | ગ્રામ પંચાયતો |
|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર, વડાલી, ભિલોડા, ખેડબ્રહ્મા, ઈડર, પ્રાંતિજ, વિજયનગર | ૨૧૫ |
| વડોદરા | વડોદરા, સાવલી | ૫૫ |
| અમદાવાદ | સાણંદ, દસક્રોઈ, વિરમગામ, ધોળકા, ધંધુકા | ૧૮૩ |
| સુરત | વાલોડ, ઉમરગામ, વ્યારા, માંગરોળ સોનગઢ, નિઝર, ઉચ્છલ, માંડવી | ૩૦૦ |
| નર્મદા | તિલકવાડા, સાગબારા, ડેડિયાપાડા રાજપીપળા, ઝઘડિયા | ૨૧૫ |
| બનાસકાંઠા | વાવ, વડગામ, ધાનેરા, પાલનપુર થરાદ, રાધનપુર, ડીસા, દાંતીવાડા | ૧૬૦ |
| ભરૂચ | આમોદ | ૩૦ |
| ગાંધીનગર | દહેગામ, ગાંધીનગર | ૩૫ |
| સુરેન્દ્રનગર | સાયલા, ધ્રાંગધ્રા, પાટડી | ૩૫ |
| ભાવનગર | ભાવનગર | ૬૫ |
| દાહોદ | ઝાલોદ, દાહોદ, દેવગઢબારિયા લીમખેડા | ૬૦ |
| પંચમહાલ | ગોધરા, મહુવા | ૫૦ |
| ભુજ | ભચાઉ, ભુજ, અંજાર | ૪૨ |
| જામનગર | ઓખામંડળ | ૨૦ |
| **૧૪** | **૫૧** | **૧૪૬૫** |

અને કયા પ્રકારનું સાહિત્ય કે સામગ્રી કેટલાં જોઈશે તે પણ નક્કી કરવામાં આવ્યું. માહિતીનો પ્રચાર-પ્રસાર, ગ્રામ સ્તરે સભાઓ અને ગામમાં મતદાર મંડળોની રચના વિશે વિગતવાર માર્ગરેખાઓ તૈયાર કરવામાં આવી. મતદારો અને ઉમેદવારો માહિતી મેળવી શકે તે માટે પંચાયત માહિતી કેન્દ્રો ઊભાં કરાયાં. ત્યાં ઉમેદવારોને ઉમેદવારીપત્રો ભરવામાં પણ સહાય કરવામાં આવી. ઝુંબેશ વધુ અસરકારક બને તે માટે સહભાગી સંસ્થાઓને 'ઉન્નતિ' દ્વારા માર્ગદર્શન પણ પૂરું પડાયું.

**(૫) મૂલ્યાંકન**

'ઉન્નતિ'ના કાર્યકરોએ ક્ષેત્રીય મુલાકાતો લઈને મૂલ્યાંકન કર્યું તથા સહભાગીઓ મારફતે એક પ્રશ્નાવલી પણ મૂલ્યાંકન માટે ભરાવવામાં આવી. પ્રશ્નાવલીમાં ચાર ફોર્મ્સ હતાં. તેમાં ઝુંબેશના અમલનું પ્રમાણ, અમલ દરમ્યાન પડેલી મુસીબતો, પૈસા અને દારૂનો પ્રભાવ, માહિતી કેન્દ્રોની વિગતો અને 'સમરસ' માટેની પ્રક્રિયા વગેરે ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

**(૬) અનુભવોની આપ-લે**

૧૭ અને ૧૮ જાન્યુઆરી, ૨૦૦૨ દરમ્યાન અમદાવાદમાં બે દિવસની દસ્તાવેજીકરણ કાર્યશાળા રાખવામાં આવી. પરિણામોનું વિશ્લેષણ કરાયું અને તેમાં જ ભલામણો ઘડવામાં આવી.

## અવલોકનો અને તારણો

સહભાગી સ્વૈચ્છિક સંસ્થાઓના અનુભવો, ઝુંબેશના અમલ અંગેનું વિશ્લેષણ અને અસરના મૂલ્યાંકન માટે જે પ્રશ્નાવલીઓ ભરવામાં આવી તેને આધારે આ અવલોકનો અને તારણો કાઢવામાં આવ્યાં છે. 'ઉન્નતિ'ના કાર્યકરોની ક્ષેત્રીય મુલાકાતોને પણ તેમાં આધાર તરીકે ગણવામાં આવી છે.

**(૧) ઝુંબેશને અસરકર્તા પરિબળો**

**અ. સહભાગી સંસ્થાની વિચારધારાઃ**

પંચાયતી રાજમાં વિશ્વાસ ધરાવનાર સંગઠન ઝુંબેશનું વધારે સારું આયોજન કરે. વળી, કેટલીક સંસ્થાઓ સમરસ યોજનાની તરફેણમાં હતી તો કેટલીક વિરોધમાં. સંગઠનોએ વધારે સારા ઉમેદવારોને ખુલ્લંખુલ્લા ટેકો આપ્યો. ગામની અંદર દલિતો, વિકલાંગો અને મહિલાઓ જેવાં જૂથો પર તેમણે કેટલું ધ્યાન આપ્યું છે તેના પ્રમાણમાં તેમનો વ્યાપ રહ્યો. લોકો સાથે આ સંગઠનો જેટલો વધારે સંપર્ક ધરાવતા હતા, તેટલા વધારે પ્રમાણમાં ઝુંબેશની અસર ઊભી થઈ. વળી, જેઓ લોકોને એકત્ર કરવાની વિવિધ રીતોનો વધારે ઉપયોગ કરતા હતા તેઓ પણ વધુ સારી રીતે જાગૃતિ ફેલાવી શક્યાં.

**આ. કાર્યકરોની અભિમુખતાઃ**

ક્ષેત્રીય કાર્યકરો કઇ વિચારધારા ધરાવે છે અને તેઓ કેટલું જ્ઞાન ધરાવે છે અને હેતુઓ પ્રત્યે તેઓ કેટલા અભિમુખ છે તેના પર પણ ઝુંબેશની અસરનો આધાર રહ્યો.

**(૨) જાગૃતિ માટેનાં સાધનોની અસરકારકતા**

જાગૃતિ અંગેની સામગ્રીમાં છ ભીંતચિત્રો, ત્રણ ચોપનિયાં, બે પ્લે કાર્ડ, બે ઓડિયો કેસેટ્સ અને બે વિડિયો કેસેટ્સનો સમાવેશ થતો હતો. ઉપરાંત, ગામની સભા, મતદાર મંડળોની રચના અને માહિતી કેન્દ્રોની સ્થાપના વગેરેનો ઉપયોગ પણ કરાયો.

**અ. ઉપયોગઃ**
ભીંતચિત્રો અને ઓડિયો કેસેટ્સનો સૌથી વધુ ઉપયોગ થયો. બધાં જ ગામોમાં ગામ લોકોની સભાઓ બોલાવવામાં આવી. સભાઓ દરમ્યાન અને સરઘસોમાં ચોપાનિયાં વહેંચાયાં. સારા ઉમેદવારનાં લક્ષણો દર્શાવતું ચોપાનિયું ખૂબ ઉપયોગી સાબિત થયું. કેટલાક ઉમેદવારોએ પોતાના પ્રચાર માટે તેનો ઉપયોગ કર્યો. સરેરાશ દરેક ગામમાં બે સભાઓ તો યોજાઈ જ.

**આ. અસરઃ**
ગામની અંદર યોજાયેલી સભાઓ વધારે અસર ઉપજાવનારી સાબિત થઈ. મહિલા મંડળો, દલિતો અને યુવાનો સાથે ઘણી બેઠકો યોજાઈ. ડમી ઉમેદવારના સંદર્ભમાં જે ભીંતચિત્ર તૈયાર કરાયું હતું તેની સામેની પ્રતિક્રિયા તીખી હતી. ઉમેદવારી પત્ર અંગેના ભીંતચિત્રને લીધે તે ભરવામાં ક્ષતિઓ દૂર થઈ. મતદાર મંડળોમાં સ્થાનિક લોકો જ જોડાયા એટલે તે અસરકારક રહ્યા. માહિતી કેન્દ્રોએ ઉમેદવારી પત્રો ભરવામાં મદદ કરી. તેથી તે રદ થવાનું પ્રમાણ ઘટી ગયું. ઘણી જગ્યાએ વકીલો તેને માટે રૂ. ૫૦ કે તેથી વધુ ફી તરીકે લેતા હતા જ્યારે આ માહિતી કેન્દ્રો પર વિનામૂલ્યે જ આ સેવાઓ અપાતી હતી.

### (૩) ઝુંબેશની નવતર રીતો
લગભગ તમામ સહભાગી સંગઠનોએ જાગૃતિ ઊભી કરવા નવી નવી રીતો અજમાવી. એમાંની ઘણી રીતો ખૂબ જ અસરકારક રહી. ક્યાંક સ્થાનિક પરંપરાઓનો ઉપયોગ કરાયો તો ક્યાંક ધ્યાન ખેંચાય તેવી રીતોનો ઉપયોગ કરાયો.

**રેલીઃ** કેટલાંક ગામોમાં નાની રેલીઓ કાઢવામાં આવી. તેમાં ચોપાનિયાં વહેંચાયાં, ભીંતચિત્રો ચોંટાડાયાં અને ગામના લોકો દ્વારા પુછાતા પ્રશ્નોના જવાબો અપાયા. સાયકલ રેલી, પદયાત્રા અને ઊંટગાડી રેલી વગેરેનો ઉપયોગ થયો. તેમાં લોકોને સામેલ કરાયા.

**શેરી નાટકઃ** 'જાગી રે જાગી, જમુના જાગી' જેવાં નાનાં શેરી નાટકો ભજવાયાં. તેમાં ખૂબ લોકો હાજર રહેતા. વિડિયો શો કરતાંય નાટક વધારે પ્રભાવક રહ્યું.

**સ્થાનિક ચેનલઃ** સહભાગી સંગઠનોએ વિડિયો કેસેટ્સ સ્થાનિક કેબલ ઓપરેટરોને આપી હતી અને તેનાં દર્શનનાં, સમય તથા મહત્ત્વ વિશે લોકોને માહિતી આપી હતી. વિડિયો કેસેટ્સ દર્શાવવાનો સમય મોટે ભાગે બપોર પછીનો રખાતો હતો કે જેથી મહિલાઓ આસાનીથી તે જોઈ શકે.

**કેટલા ઉમેદવારોને ઉમેદવારીપત્રો ભરવામાં મદદ કરાઈ?**

| ઉમેદવારો | સંખ્યા |
|---|---|
| સામાન્ય | ૧૨૦૦ |
| બક્ષી પંચની જ્ઞાતિઓ | ૧૨૦૦ |
| દલિતો | ૮૦૦ |
| મહિલાઓ | ૮૨૫ |
| **કુલ** | **૪૦૨૫** |

**મતદાર જાગૃતિ ઝુંબેશમાં સામગ્રીનો ઉપયોગ**

| સામગ્રી અને રીત | ગામોના ટકા |
|---|---|
| ભીંતચીત્રો | ૧૦૦ |
| ઓડિયો કેસેટ્સ | ૧૦૦ |
| વિડિયો કેસેટ્સ | ૬૦ |
| ગામની સભા | ૧૦૦ |
| મતદાર મંડળની રચના | ૭૦ |
| અન્ય | ૩૦ |
| **કુલ** | **૪૬૦** |

**માહિતી કેન્દ્રો ક્યાં ખોલાયાં?**

| ક્રમ | સ્થળ | ટકા |
|---|---|---|
| ૧. | જિલ્લા પંચાયત | ૨ |
| ૨. | તાલુકા પંચાયત | ૩૭ |
| ૩. | ગામ | ૩૯ |
| ૪. | પંચાયત સંદર્ભ કેન્દ્ર | ૬ |
| ૫. | મામલતદારની કચેરી | ૮ |
| ૬. | સંગઠનનું કાર્યાલય | ૮ |
| | **કુલ** | **૧૦૦** |

**લોક ડાયરોઃ** 'સંતવાણી' તરીકે જાણીતા આ પરંપરાગત સ્વરૂપનો ઉપયોગ કરાયો. બધા જ્યારે નિરાંત અનુભવતા હોય એવા રાતના સમયે તે ભરાતો. તેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો આવતા. ગીતો ગાઈને મતદારોની જાગૃતિ માટેનો સંદેશો આવા ડાયરાઓમાં અપાતો હતો.

### (૪) ઝુંબેશનું પરિણામ અને અસર

દસ્તાવેજીકરણ માટેની કાર્યશાળામાં સૌને હેતુઓના સંદર્ભમાં પરિણામને તપાસવાની તક મળી. બધાને એમ લાગ્યું કે આ ઝુંબેશ જાગૃતિ ઊભી કરવામાં સફળ થઈ, પણ તેનાં નક્કર પરિણામો આવતાં સમય લાગશે. ખાસ કરીને યુવાનો અને મહિલા મંડળની બહેનોને ઝુંબેશમાં વધારે રસ પડ્યો. નવું અને યુવાન નેતૃત્વ પણ ઊભું થયું. જ્યાં આ ઝુંબેશ થઈ તેવા વિસ્તારોમાં ૯૦ ટકા સરપંચો પહેલી વાર ચૂંટાયા અને તેમની સરેરાશ ઉંમર આશરે ૪૨ છે. સારા ઉમેદવારના ગુણોની લોકોને પિછાણ થઈ. કેટલાંક ગામોમાં આ ઝુંબેશ સઘન રીતે ચાલી અને તેની ગુણક અસર અન્ય ગામોમાં પણ ઊભી થઈ. લોકોને ડમી ઉમેદવારોની ખબર પડી પણ તેઓ તે અંગે કશું ઝાઝું કરી શકે તેમ નહોતા. સક્રિય ઉમેદવારોને વધારે પ્રોત્સાહન આપવાનું મર્યાદિત જ રહ્યું. વળી, આ ઝુંબેશ લાંચ, ભેટ, દારૂ અને બળની અસરોને પણ નાબૂદ કરી શકી નથી. પરંતુ ઘણી જગ્યાએ લોકોએ ભેટો સ્વીકારી ખરી પણ મત તો પોતાની ઇચ્છા અનુસાર જ આપ્યા હોય એવું લાગ્યું. મહિલા મંડળોને તો ઘણી જગ્યાએ બ્લાઉઝ પીસ અને ખાદ્ય તેલ અપાયાં હતાં! પક્ષીય રાજકારણ વ્યાપક હતું અને ધારાસભ્યો સહિતનાં સ્થાપિત હિતો ઝુંબેશની સામગ્રી સામે વાંધો ઉઠાવતાં હતાં.

### (૫) સરકારનો સહયોગ

સરકારના સહયોગની બાબતમાં સહભાગી સંસ્થાઓનો મિશ્ર પ્રકારનો અનુભવ રહ્યો છે. સંપર્ક તો સતત પ્રયાસોથી જ ઊભો થઈ શકે છે એમ લાગે છે. ઉમેદવારોને ન-વાંધા પ્રમાણપત્ર આપવામાં પોલિસ પૈસા લે, સંભવિત ઉમેદવારનું નામ જ મતદાર યાદીમાં ન હોય અને અગાઉની તમામ ચૂંટણીમાં તેણે મતદાન પણ કર્યું હોય અને મામલતદાર મતદાર યાદી સુધારવાની ના પાડે વગેરે જેવી ફરિયાદો રહી છે. ઉપરાંત, એક જિલ્લામાં એવું બન્યું કે કયા હોદ્દા માટે ઉમેદવારી પત્ર ભરાયું છે તે નિયત જગ્યા ઉપરાંત પત્રમાં જમણા ખૂણે લખવામાં આવ્યું નહોતું માટે ઉમેદવારી પત્ર રદ કરાયાં હતાં. આ બધા કિસ્સામાં સરકારી તંત્રમાં યોગ્ય સ્થળે યોગ્ય સક્ષમ અધિકારી સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી અને તેમનો સહયોગ પણ મળ્યો હતો.

## ભલામણો

મૂલ્યાંકન અને દસ્તાવેજીકરણ કાર્યશાળા દરમ્યાન સઘન આત્મખોજ અને ચર્ચા પછી જે ભલામણો વિચારવામાં આવી તે નીચે મુજબ છે:

### રાજ્ય ચૂંટણી પંચ માટે

(૧) ઉમેદવારીપત્ર ભરવાની તારીખ ચૂંટણીની જાહેર થયેલી તારીખથી નજીક હોવી જોઈએ કે જેથી સારા ઉમેદવારો ચૂંટણી લડે તે માટે અને મતદારો માટે પસંદગી ઊભી થાય તે માટે જાગૃતિ ઝુંબેશ વધારે સફળ રીતે ચલાવી શકાય. ચૂંટણી પ્રચાર માટે ઓછો સમય અપાય તો ખર્ચ પણ ઓછો થાય.

(૨) ચૂંટણી પંચે તાલુકા પંચાયત અને મામલતદારને તેમની કચેરીઓ નજીક તેઓ સ્વૈચ્છિક સંસ્થાઓને માહિતી કેન્દ્રો ખોલવા દે તે માટે સૂચના આપે. વળી, તેઓ સહયોગ આપે તે માટે પણ તેમને સૂચના અપાય. આથી અવરોધો દૂર થશે.

(૩) કોઈ તકલીફ પર ધ્યાન દોરવામાં આવે તો તરત જ ચૂંટણી પંચ કાર્યવાહી કરે.

### પંચાયતો માટે

(૧) સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓમાં વિશ્વાસ રાખો અને તેમને તરત જ માહિતી આપો તથા ટેકો આપો.

(૨) જો કોઈ તકલીફો તેમના ધ્યાનમાં લવાય તો તરત જ તેનો પ્રતિભાવ આપે.

### સ્વૈચ્છિક સંસ્થાઓ માટે

(૧) મતદાર મંડળોને વધારે સક્રિય કરવાની જરૂર છે. તેમને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સક્રિય કરી શકાય કે જેથી ગામના વિકાસમાં તેઓ ફાળો આપી શકે અને પોતાની વિશ્વસનીયતા ઊભી કરી શકે.

(૨) ઉમેદવારી પત્રો ભરાય તે પહેલાં જાગૃતિ ઝુંબેશ શરૂ થવી જોઈએ કે જેથી સારા ઉમેદવારોને ચૂંટણી લડવા માટે પ્રેરણા આપી શકાય.

(૩) જાગૃતિ ઝુંબેશની વધુ સારી અસર માટે ગ્રામીણ સમાજના તમામ વર્ગોના સંદર્ભમાં વધારે લોકશાહી અભિગમ અપનાવવો જોઈએ.

(૪) સરકારી ખાતાં સાથે સારો સંપર્ક જરૂરી છે કે જેથી અસરકારક પરિણામો લાવી શકાય.

(૫) કાર્યકરો અથવા સ્વયંસેવકોને માટે વધુ સારી અભિમુખતા તાલીમ જરૂરી છે કે જેથી તેઓ સંવેદનશીલ પ્રશ્નોનો પણ ઉકેલ લાવી શકે.

### સહયોગી સંસ્થા માટે

(૧) વિસ્તાર, ખર્ચ અને માનવ સંસાધનોના સંદર્ભમાં આવરણ વધારાય તો વધારે સારાં પરિણામો મેળવી શકાય.

(૨) સ્વયંસેવકો અને કાર્યકરોને અભિમુખતા તાલીમ આપવી.

(૩) સહભાગી સંસ્થાઓના અનુભવોની માંહોમાંહે તથા સરકાર સાથે ઝડપી આપ-લે કરવી.

(૪) ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મતદારો સાથેની પ્રવૃત્તિઓ માટે નિયમિત નાણાકીય અને માહિતીલક્ષી ટેકો પૂરો પાડવો.

# સાંપ્રત પ્રવાહ

## શ્રી અનિલ શાહ ગ્રામ વિકાસ પારિતોષિક અને ગ્રામ વિકાસ ફેલોશિપની સ્થાપના

શ્રી અનિલભાઈ શાહનું ગ્રામ વિકાસ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. શ્રી અનિલભાઈ અને કેટલાક સાથીઓએ ૧૯૯૪માં 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરની સ્થાપના' કરી. સેન્ટરે વોટરશેડ યોજના, સહભાગી સિંચાઈ વ્યવસ્થા અને સહભાગી વન વ્યવસ્થા યોજનાઓ માટે તાલીમ અને નીતિ સુધારણા ક્ષેત્રમાં દેશની એક અગ્રિમ સંસ્થા તરીકે નામના મેળવી છે. શ્રી અનિલભાઈને જુન-૨૦૦૧માં ૭૫ વર્ષ પૂરાં થયાં. તે નિમિત્તે તેમના નામે એક ગ્રામ વિકાસ પારિતોષિક અને ગ્રામ વિકાસ ફેલોશિપની સ્થાપના કરાઈ છે.

### (૧) ગ્રામ વિકાસ પારિતોષિક

ગ્રામ વિકાસના ક્ષેત્રમાં નમૂનેદાર કામ કરતી વ્યક્તિ/સંસ્થાને દર વર્ષે ૫૦,૦૦૦/-નું પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. વ્યકિતગત પારિતોષિક માટે ૩૦-૪૫નું વય જૂથ નક્કી કરવામાં આવ્યું છે. પારિતોષિકનો મુખ્ય ઉદ્દેશ, આવી વ્યકિતઓને બાકીના કાર્યકાળ દરમ્યાન વધારે સારું કામ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. સંસ્થાઓના કિસ્સામાં, સારું કામ કરતી ઓછી જાણીતી પણ નમૂનેદાર કામ કરતી સંસ્થાઓની સિદ્ધિઓને પ્રકાશમાં લાવી અન્યને પ્રેરણા પૂરી પાડવાનો હેતુ છે.

૧. જાહેર, ખાનગી કે સ્વૈચ્છિક સેવાના ક્ષેત્રમાં કામ કરતી વ્યકિતઓ/સંસ્થાઓ પારિતોષિકને પાત્ર ગણાશે.
૨. ગુજરાત રાજ્યના કોઈ પણ ભાગમાં ગ્રામ વિકાસના ક્ષેત્રે નમૂનેદાર કામ કરનાર વ્યકિત/સંસ્થા આ પારિતોષિકને પાત્ર ગણાશે.
૩. જે તે વ્યકિતએ ઓછામાં ઓછા ૭થી ૧૦ વર્ષ અને સંસ્થાએ ૧૦થી ૧૫ વર્ષની કામગીરી કરેલ હોવી જોઈએ.
૪. પ્રથમ પાંચ વર્ષ માટે આ પારિતોષિક કુદરતી સંસાધનોના વિકાસના ક્ષેત્રે નમૂનેદાર કામ કરનાર વ્યકિત/સંસ્થાને આપવામાં આવશે. તે પછીના વર્ષમાં ગ્રામ વિકાસના અન્ય ક્ષેત્રો પણ યોજનામાં સમાવિષ્ટ કરવા વિચારણા કરવામાં આવશે.
૫. પારિતોષિક માટે વ્યકિત/સંસ્થાની માહિતી અન્ય પ્રતિષ્ઠિત વ્યકિત/સંસ્થાઓ પાસેથી મેળવાશે. વ્યકિત/સંસ્થા પોતે પણ અરજી કરી શકશે.
૬. પારિતોષિક પાત્ર વ્યકિત/સંસ્થાની પંદગી પ્રતિષ્ઠિત જયુરી દ્વારા કરવામાં આવશે. જયુરીના સભ્યો વ્યકિત/સંસ્થાના કાર્યક્ષેત્રની મુલાકાત લઈને જાત માહિતી મેળવી શકશે. જ્યુરીનો નિર્ણય સૌને બંધનકર્તા રહેશે.

### (૨) ગ્રામ વિકાસ ફેલોશિપ

ગુજરાતમાં ગ્રામ વિકાસના ક્ષેત્રે અનેક વ્યકિત/સંસ્થાઓ નમૂનેદાર કામ કરી રહ્યાં છે. પરંતુ તેમના કામ અંગે લોકોમાં પૂરતી જાણકારી ઊભી થતી નથી, તેમના કામનું દસ્તાવેજીકરણ થતું નથી. પરિણામે તેમના અનુભવોને વ્યાપક સમાજને લાભ મળતો નથી. તેમના કામનો પ્રસાર થતો નથી. આવી વ્યકિતઓ અને સંસ્થાઓના કામનું સંશોધન થાય, તેમની કાર્યપદ્ધતિ, સિદ્ધિઓનું દસ્તાવેજીકરણ થાય અને તેમના અનુભવોની વ્યાપક સમાજને માહિતી પ્રાપ્ત થાય તે માટે આવી વ્યકિતઓ/સંસ્થાઓના કામનું સંશોધન કરવામાં રસ ધરાવતા સંસોધનકારોને રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર) સુધીની ફેલોશિપ આપવાની યોજના વિચારવામાં આવી છે.

### (૩) નમૂનેદાર કામ કરતી વ્યકિતઓને પોતાની જાહેર સેવામાં કારકિર્દીના અનુભવોના દસ્તાવેજીકરણ માટે ટેકો

ગુજરાતમાં ગ્રામ વિકાસના ક્ષેત્રે સરકારમાં તથા બિન સરકારી અનેક વ્યકિતઓ નમૂનેદાર અને સર્જનાત્મક કામ કરી રહ્યાં છે. પરંતુ આવી વ્યકિતઓની જાણકારી અન્ય લોકો સુધી પહોંચતી નથી. પરિણામે તેમના અનુભવોમાંથી અન્યને જાણકારી અને પ્રેરણાનો લાભ મળતો નથી. આવી વ્યકિતઓના અનુભવોનું દસ્તાવેજીકરણ કરવા માટે પ્રતિષ્ઠિત નમૂનેદાર વ્યકિતને રૂ.૨૫,૦૦૦થી ૫૦,૦૦૦ સુધીની રકમની સહાય આપવાની દરખાસ્ત છે. આ સહાયની રકમનો ઉપયોગ માહિતી એકત્રીકરણ, વહીવટી ખર્ચ અને ભાષાના નિષ્ણાત દ્વારા દસ્તાવેજ સુધારણા માટે કરી શકાશે. જ્યારે લખાણ તૈયાર થાય પછી તેને કોઈ સારા પ્રકાશક દ્વારા પ્રકાશિત કરવા માટેના પ્રયત્નો કરી શકાય.

## સ્થાનિક શાસનમાં ભાગીદારી માટે એવોર્ડ

નેશનલ ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા (એનએફઆઈ)એ 'સેકોડેકોન'ને ૨૦૦૧ના વર્ષ માટેનો સ્થાનિક શાસનમાં ભાગીદારી માટેનો એવોર્ડ એનાયત કર્યો છે. રૂ. ૨ લાખ અને એક પ્રશસ્તિપત્રના આ એવોર્ડની સ્થાપના ફોર્ડ ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવી છે. સમાજના વંચિત વર્ગો અને ખાસ કરીને સ્ત્રીઓની સ્થિતિ સરકાર, સ્વૈચ્છિક

ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી સુધારવા માટે કરાયેલા સ્થાનિક પ્રયાસોને સન્માનવા માટે આ એવોર્ડની સ્થાપના કરાઈ છે. આ એવોર્ડ બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન એમ આઠ રાજ્યોમાંથી બે સંસ્થાઓને આપવામાં આવે છે. પંચાયતો, સરકાર સંસ્થાઓ અને બિનસરકારી સંગઠનો વચ્ચેની ભાગીદારી ઊભી કરવામાં સ્થાનિક સમુદાયોને મદદ કરવામાં નોંધપાત્ર પ્રદાન આપવા બદલ 'સેકોડેકોન'ની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. તા.૫-૩-૨૦૦૨ના રોજ ફોર્ડ ફાઉન્ડેશનનાં પ્રમુખ સુશ્રી સુસાન બેરેસ્ફોર્ડ આ એવોર્ડ એનાયત કર્યો હતો. નવી દિલ્લીમાં યોજાયેલા આ એવોર્ડ વિતરલ સમારંભમાં 'સેકોડેકોન' વતી ચીફ એક્ઝિક્યુટિવ શ્રી શરદ જોશીએ તે એવોર્ડ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આયોજન પંચના નાયબ અધ્યક્ષ શ્રી કે. સી. પંત હાજર રહ્યા હતા.

### દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓના અધિકારોની કાનૂની રક્ષા

આદિવાસીઓ અને ભારતીય મુખ્ય પ્રવાહ વચ્ચેની ખાઈને પરિણામે આદિવાસીઓને માળખાગત સવલતો અને પાયાની સેવાઓનો અભાવ વેઠવો પડે છે. પર્યાવરણના રક્ષણ માટે કરાયેલા આદિવાસીઓના હકો સાથે સીધા સંઘર્ષમાં આવે છે. તેમની જમીનોથી તેઓ અલગ થઈ જાય છે એ વળી બીજી સમસ્યાઓ છે. શ્રી સ્ટેની જેબામલાઈ આ આદિવાસીઓ વચ્ચે દક્ષિણ ગુજરાતમાં કામ કરે છે. તેઓ ત્રણ પ્રકારે કામ કરે છે:

(૧) માનવ સંસાધનો. વકીલો અને કાનૂન ક્ષેત્રના નિષ્ણાતો અદાલતોમાં આદિવાસીઓને ન્યાય મળે તે માટે કામ કરે છે. આ નિષ્ણાતો પેરાલિગલ તરીકે ઓળખાય છે.

(૨) લોક સંગઠનો. તેઓ આદિવાસીઓના અધિકારોના રક્ષણ માટેની ઝુંબેશનું નેતૃત્તવ લે છે.

(૩) સંકલન. આ કામ કાનૂની સહાય અને માનવ અધિકાર કેન્દ્ર (એલએચએઆરસી) કરે છે. કેન્દ્ર કર્મશીલોને તાલીમ આપે છે અને મોટા કાર્યક્રમોનું આયોજન કરે છે.

શ્રી સ્ટેની જેબામલાઈની લડત સામુદાયિક સંગઠકોની મદદથી વિસ્તરે છે. તેઓ આદિવાસીઓને તેમના હકોને ઓળખવામાં અને તે માટે લડવામાં મદદ કરે છે. તે માટે કેન્દ્ર તેમને તાલીમ આપે છે. તેઓ ગ્રામ સ્તરની સંસ્થા ઊભી કરે છે અને વ્યવસાયી આદિવાસી વકીલોને ટેકો આપે છે. ૧૯૯૩થી અત્યાર સુધીમાં આવા ૩૦૦ પેરાલિગલને તાલીમ આપવામાં આવી છે અને તેમાંની અર્ધી તો સ્ત્રીઓ છે. તેમણે અદાલતની બહાર ૧૯૦૦ કેસમાં સમાધાન ઊભું થયું છે. ૨૪ આદિવાસી વકીલોને પણ આ માટે તાલીમ આપવામાં આવી છે.

### દરિયાકિનારાના વિસ્તારો અંગેના નિયમનોમાં ફેરફાર

કેન્દ્રના વન અને પર્યાવરણ મંત્રાલયે કોસ્ટલ રેગ્યુલેશન ઝોન નોટિફિકેશન ૧૯૯૧માં ૧૨મી વખત સુધારો કર્યો છે. દરિયાકિનારાનાં પ્રાકૃતિક સંસાધનો અને લોકોના જીવનનિર્વાહના રક્ષણ સાથે નિસબત ધરાવતાં અનેક સંગઠનો આ સુધારાને આ કાયદાને વધુ બુઠ્ઠો બનાવી દેવાની હિલચાલ તરીકે જુએ છે. ગુજરાતના સંદર્ભમાં આ સુધારો નીચેની રીતે મહત્ત્વનો છે:

(૧) તે પોશિત્રા 'વિશિષ્ટ આર્થિક વિસ્તાર' (એસઈઝેડ)ને આગળ ધપાવવાનો ઉદ્દેશ રાખે છે.

(૨) પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં મીઠાના અગર ઊભા કરવા માટે તે મંજૂરી આપે છે.

(૩) દરિયાકિનારે તે ગોલ્ફના મેદાન તથા એસઈઝેડના સેવા ઉદ્યોગો વગેરે માટે ખુલ્લો મૂકે છે. જ્યાં ખારાશ આગળ વધી રહી છે એવા દરિયાકિનારાના વિસ્તારો માટે આનાથી ભારે ખતરો ઊભો થાય તેમ છે.

(૪) તમામ બંદર વિસ્તારોને સીઆરઝેડ-૨ વિસ્તારો તરીકે જાહેર કરવામાં આવશે. તેને લીધે દરિયાકિનારાના આ ભાગના રક્ષણ માટેની કોઈ કાનૂની દલીલ હવે ટકી શકશે નહી.

આ કેટલાંક સૂચિત ફેરફારો છે. મજબૂત ઉદ્યોગ લોબી આ ફેરફારો કરાવવા પાછળ કામ કરતી હોય તેમ જણાય છે. ગુજરાત ઉપર પણ તેની અસર થઈ શકે છે. ૧૧મી માર્ચ સુધીમાં તેમાં વાંધાઓ રજૂ કરવાના હતા. અનેક સંસ્થાઓએ આ અંગે વાંધાઓ રજૂ કર્યા છે.

# આગામી કાર્યક્રમ

### ગ્લોબલ ગવર્નન્સ – ૨૦૦૨

'નાગરિક સમાજ અને વૈશ્વિક શાસનનું લોકશાહીકરણ' વિશે આ પરિષદ તા. ૧૩થી ૧૬ ઓક્ટોબર, ૨૦૦૨ દરમ્યાન કેનેડામાં મોન્ટ્રિયલ ખાતે યોજાઈ રહી છે. તેના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે: (૧) લોકશાહી વૈશ્વિક શાસન વિશે જાગૃતિ ઊભી કરવી અને ગહન સમજ કેળવવી. (૨) વધુ લોકશાહી વૈશ્વિક શાસન ઊભું કરવા આરંભિક, નવતર અને રચનાત્મક જાતિ વિષયક વિકલ્પો ખોળી કાઢવા. (૩) નાગરિક સમાજ, સંયુક્ત રાષ્ટ્રો, આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ, સરકારો, સાંસદો, વિદ્વાનો, માધ્યમો અને કંપનીઓને અનુભવોની આપલે કરવા, તેમની વચ્ચે સેતુ ઊભો કરવા અને કંઈક શીખવા માટે ભેગા કરવા. (૪) નાગરિક સમાજના કર્તાઓ દ્વારા કાર્યલક્ષી વ્યૂહરચનાઓ વિકસાવવી. (૫) લોકશાહીકરણના સમર્થનમાં આંતરક્ષેત્રીય સહયોગને મજબૂત કરે તેવી નૂતન દરખાસ્તો ઓળખી કાઢવી.

આ પરિષદમાં વધુ લોકશાહી 'સંયુક્ત રાષ્ટ્રો' (યુએન) અને વધારે મજબૂત એવી આ આંતરરાષ્ટ્રીય સંસ્થા કેવી રીતે ઊભી કરવી તેને વિષે વિચારવામાં આવશે. ઉપરાંત વૈશ્વિક શાસન વ્યવસ્થામાં સંસદ અને સાંસદોની ભૂમિકા વિષે તથા વ્યાપાર, સમતા અને લોકશાહી વૈશ્વિક શાસન વ્યવસ્થા વિષય ઉપર પણ ચર્ચાઓ થશે. એકવીસમી સદીમાં માનવ અધિકારો અને વૈશ્વિક શાસન, નાગરિક સમાજ અને માનવ અધિકારોની અવિભાજ્યતા, વૈશ્વિક કંપનીઓ અને વૈશ્વિક શાસન, આંતરરાષ્ટ્રીય નાગરિક સમાજ સામેના લોકશાહી પડકારો તથા વૈશ્વિક શાસનમાં એક નવા કર્તા તરીકે સ્થાનિક સરકારની ભૂમિકા વિષે પણ ચર્ચા થશે. આ પરિષદ 'પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા' (પ્રિયા) - નવી દિલ્લી અને અન્ય સંસ્થાઓ દ્વારા યોજાઈ રહી છે. તેમાં 'સંયુક્ત રાષ્ટ્રો' (યુએન)ના મહામંત્રી અને 'વિશ્વ વ્યાપાર સંગઠન' (ડબલ્યુટીઓ)ના મહાનિયામક તથા કેનેડાનાં નાણાં પ્રધાન ચાવીરૂપ પ્રવચનો આપશે. પરિષદમાં નોંધણી માટે નિયત ફોમી ફેક્સ કરો. ફેક્સ નં. ૧-૫૧૪-૪૮૧-૭૩૭૯.

વેબસાઈટઃ www.fimcivilsociety.org વધુ માહિતી માટે સંપર્ક સાધોઃ ૧-૫૧૪-૪૮૧-૭૪૦૮. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫મી જુન, ૨૦૦૨ છે.

## આપત્તિ સંચાલનમાં પંચાયતો વિશે કાર્યશાળા

આપત્તિ સંચાલનમાં પંચાયતોની ભૂમિકા વિશેની રાજ્ય સ્તરની કાર્યશાળા તા. ૭.૫.૨૦૦૨ના રોજ અમદાવાદમાં ગાંધી શ્રમ સંસ્થાન ખાતે નિમંત્રણ છે. આ કાર્યશાળાના ઉદ્દેશો આ મુજબ છેઃ (૧) આપત્તિમાં સામનાની તૈયારી અને સંચાલનમાં પંચાયતોની ભૂમિકા વિચારવી અને તે વિશે ચર્ચા કરવી. (૨) આપત્તિ સંચાલન સંબંધી કામો પંચાયતો કરી શકે તે માટે તેમનામાં ક્ષમતા અને વિશ્વસનીયતા ઊભાં કરવા વ્યૂહરચનાઓ અને વ્યવસ્થાઓ વિચારવાં. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો આપત્તિ સંચાલનમાં પંચાયતોને સામેલ કરવાની વ્યૂહરચના ઘડી રહી છે. આ સંદર્ભમાં રાષ્ટ્રીય ગ્રામ વિકાસ સંસ્થાન (NIRD) - હૈદરાબાદ દ્વારા ૨૭-૨૯ ઓગસ્ટ, ૨૦૦૧ દરમ્યાન એક રાષ્ટ્રીય શાળાનું આયોજન થયું હતું. ગુજરાતમાં ભૂકંપ રાહત અને પુનર્વસનમાં પંચાયતોની સામેલગીરી વિશે એક સંશોધન 'ઉન્નતિ'એ હાથ ધર્યું હતું. આ સંશોધનને UNFPA દ્વારા સહયોગ સાંપડ્યો હતો. આ કાર્યશાળામાં અને આ સંશોધનનાં તારણો રજૂ થશે. ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળે આ કાર્યશાળા માટે વિધાયક પ્રતિભાવ આપ્યો છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, પંચાયતોના પ્રતિનિધિઓ, આપત્તિ સંચાલનના વિષ્ણાતો તથા સરકારી અધિકારીઓને આ કાર્યશાળામાં હાજરી આપશે. કાર્યશાળામાંની ચર્ચા પંચાયતોને આપત્તિ સંચાલન ક્ષેત્રે સક્ષમ બનાવવા માટે નક્કર ભલામણો કરશે.

## પૃષ્ઠ ૫નું શેષ

પ્રવર્તતી હતી. એટલે ગ્રામ વિકાસ માટે બંને સંયુક્તપણે કામ કરે તેવી ઈચ્છા પ્રવર્તતી દેખાઈ. તેમની ભૂમિકા પરસ્પરને બાકાત રાખનારી નથી, પણ પરસ્પરને ટેકો કરનારી છે. ચર્ચાઓને અંતે જે બાબતે લગભગ સર્વસંમતિ પ્રવર્તતી હતી તે મુદ્દાઓ નીચે પ્રમાણે છેઃ

(૧) પંચાયતોએ શાસનનાં એકમો તરીકે કામ કરવાનું ચાલુ રાખવું જોઈએ અને તેમણે અન્ય સ્થાનિક સંસ્થાઓ સાથે સંઘર્ષમાં ન ઊતરવું જોઈએ.
(૨) વિકાસની પ્રક્રિયામાં અન્ય સ્થાનિક સંસ્થાઓ નિપુણતા અને વિશિષ્ટીકરણ ધરાવે છે અને તેમણે તેમની મુખ્ય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખવું જોઈએ અને તેમણે વધારે અસરકારક બનવું જોઈએ.
(૩) આ પ્રક્રિયામાં પંચાયતોએ અન્ય સ્થાનિક સંસ્થાઓ માટે પથદર્શકની ભૂમિકા ભજવવી જોઈએ કે જેથી તેઓ સમગ્ર ગ્રામીણ સમુદાય માટે વધુ ઉપયોગી બની શકે.
(૪) બદલામાં અન્ય સ્થાનિક સંસ્થાઓએ ગ્રામ પંચાયતોને નહિ, પણ ગ્રામ સભાને ઉત્તરદાયી બનવું જોઈએ.
(૫) શાસનનાં એકમો એટલે કે પંચાયતી રાજની સંસ્થાઓ પર વધુ પડતો ભાર અપાશે તો નાગરિકો રાજ્યના તંત્ર ઉપર વધુ પડતો આધાર રાખતા થઈ જશે. તેથી લોકો વિકાસના સ્વૈચ્છિક કાર્યમાં સામેલ થાય અને પંચાયતો તેમને સક્રિય ટેકો આપે કે જેથી લોકો દ્વારા શાસનની લોકશાહી ખરા અર્થમાં ઊભી થાય.

હાલ, ગ્રામ વિકાસ માટે ત્રણ પ્રકારનાં કામો અગત્યનાં છેઃ

(૧) માળખાગત સવલતોનો વિકાસ. તેમાં શિક્ષણ, રસ્તા, પાણી, વીજળી વગેરે જેવી સામૂહિક જરૂરિયાતોનો સમાવેશ થાય છે. આ કામ પંચાયતો કરે છે.
(૨) સામાજિક વિકાસ. નશાબંધી, સ્ત્રીઓનો વિકાસ, સફાઈ, બાળકોનો વિકાસ વગેરે જેવાં કામો મહદંશે અન્ય સ્થાનિક સંગઠનો કરે છે.
(૩) ઉત્તરદાયિત્વ. આ કામ બેમાંથી એકેય કરતું નથી. પંચાયતો કે અન્ય સ્થાનિક સંગઠનો લોકો પ્રત્યે ઉત્તરદાયિત્વ નિભાવતાં નથી. જો એ નિભાવાય તો ગ્રામ વિકાસ ચોક્કસ થાય.

ગ્રામ સભા પ્રત્યે બંનેએ ઉત્તરદાયી થવાની આવશ્યકતા છે એસ્વીકારવાની જરૂર છે. લોકો પોતે પોતાના પર શાસન કરે એવી લોકશાહીનું સર્જન તેનાથી જ થઈ શકશે.

# સંદર્ભ સાહિત્ય

## મહિલાઓંકે અધિકાર

જન અધિકાર શ્રેણી હેઠળ બિકાનેરનાં એજર્ક-ઉરમૂલ ટ્રસ્ટ દ્વારા કરાયેલું શ્રેણીનું આ પ્રથમ પ્રકાશન છે. આ શ્રેણી અમુક કાયદાઓ વિશે સરળ ભાષામાં જાણકારી આપવાનો પ્રયાસ કરાયો છે. સાધારણ ગ્રામજન અને વિકાસલક્ષી કાર્યકર્તાઓને ધ્યાનમાં રાખીને તેનું પ્રકાશન થઈ રહ્યું છે. આ શ્રેણીના માધ્યમથી એવો પ્રયાસ કરવામાં આવશે કે ખેતીની જમીન, સામૂહિક સંસાધનો, સિંચાઈનું પાણી વગેરે સંબંધી કાનૂની જોગવાઈઓ તથા મહિલાઓ, બાળકો, દલિતો, મજૂરો, કારીગરો, વિચરતા પશુપાલકોના અધિકારો સંબંધિત જાણકારી વિકાસલક્ષી કાર્યકર્તાઓને અપાય કે જેથી તેમને તે હિમાયતના પ્રયાસોમાં ઉપયોગી બને.

આ હિંદી પુસ્તિકામાં છ પ્રકરણ છેઃ બંધારણીય જોગવાઈઓ, ફોજદારી કાયદા, પ્રક્રિયા કાયદા, વ્યક્તિગત કાયદા, મજૂર કાયદા, અને રાજ્ય મહિલા પંચ. આ પ્રકરણોમાં મહિલાઓના અધિકારો અંગેની બંધારણીય જોગવાઈઓ. ઉપરાંત, ૨૦ કાયદાઓની જોગવાઈઓની માહિતી આપવામાં આવી છે. ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમોની જોગવાઈઓ અંગેની વિગતો આપવામાં આવી છે. તેમાં બળાત્કાર, લગ્ન સંબંધી ગુનાઓ, પતિ કે સાસરિયાઓ દ્વારા અપાતો ત્રાસ, અપહરણ, વૈશ્યાવૃત્તિ, ગર્ભપાત, દહેજ, વેઠ મજૂરી વગેરે અંગે ભારતીય દંડ સંહિતામાં જે જોગવાઈઓ છે તેની વિગતો સરળ શબ્દોમાં આપવામાં આવી છે. આ ઉપરાંત આ તમામ વિષયો વિશેના જે જુદા જુદા કાયદાઓ હોય તેમની વિગતો પણ વિવિધ શીર્ષકો હેઠળ આપવામાં આવી છે.

આ પુસ્તિકામાં હિન્દુ અને મુસ્લિમ મહિલાઓના અધિકારો અંગે જે જુદા જુદા કાયદાઓ પ્રવર્તે છે તેમની જોગવાઈઓની વિગતો પણ આપવામાં આવી છે. ખાસ કરીને મિલકત, ભરણપોષણ, પુર્નલગ્ન અને છુટાછેડા વગેરે અંગે જે જોગવાઈઓ છે તેમને વિષે વિવિધ કલમોના નંબર સાથે વિગતો અપાઈ છે. હિન્દુઓ અને મુસ્લિમોના વ્યકિતગત કાનૂનોમાંથી આ વિગતો લેવામાં આવી છે.

મહિલાઓના ક્ષમતા વર્ધન ક્ષેત્રે અને સશક્તિકરણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને તેમના કાર્યકરો માટે આ ખૂબ જ ઉપયોગી પુસ્તિકા છે. નોકરશાહી, ન્યાયતંત્ર અને સરકાર સામે મહિલાઓ અને તેમનાં સંગઠનો કેવી રીતે કાનૂની લડત આપી શકે તેનો ચિતાર આ પુસ્તિકાની મદદથી મળે છે. સંકલન કર્તાઃ શ્રી મુકેશ શર્મા. પૃષ્ઠઃ ૫૬. પ્રકાશકઃ ઉરમૂલ ટ્રસ્ટ, પો.બો. નં. ૫૫, બિકાનેર-૧.

## સિવિલ સોસાયટી એન્ડ ગવર્નન્સ

શાસન પર પ્રભાવ પાડવામાં નાગરિક સમાજની શક્તિ વિશે તાજેતરમાં વિદ્યા જગતમાં અને નીતિ ઘડતરના સંદર્ભમાં રસ ઊભો થયો છે. જ્યાં રાજ્ય પાયાની જરૂરિયાતો પણ પૂર્ણ કરી શક્યું નથી એવા ભારતમાં એ વાત વધારે અગત્યની છે. રાજ્યનું લોકશાહી માળખું જ્યાં લોકોને રાજ્યની સામે વાંધા ઉઠાવવાનો અવકાશ અને સ્વતંત્રતા પૂરાં પાડે છે, લોકો જ્યાં નીતિમાં સુધારો કરવાની માગણી કરી શકે છે અને કાયદાઓનો અમલ કરવાની માંગ કરે છે ત્યાં આ બાબત વધારે પ્રસ્તુત છે. આ પુસ્તક લોકોની જરૂરિયાતોની પૂર્તિ અને રાજ્યની ભૂમિકા વચ્ચેનો સંબંધ અને નાગરિક સમાજના કર્તૃત્વ વિશે વાત કરે છે.

આ અંગ્રેજી પુસ્તકમાં છ પ્રકરણો છેઃ પ્રસ્તાવના, ઐતિહાસિક વિહંગાવલોકન, ભારતમાં નાગરિક સમાજનું માળખું, કેસ વિશ્લેષણ, તારણો, શાસન માટે નાગરિક સમાજની દરમ્યાનગીરીના સૂચિતાર્થો. ભારતના સંદર્ભમાં નાગરિક સમાજ અને શાસન વચ્ચેના સંબંધને આ સંશોધનાત્મક પુસ્તકમાં તપાસવામાં આવ્યો છે. જાહેર નીતિનાં સંદર્ભમાં નાગરિક સમાજની દરમ્યાનગીરીથી શાસન અંગેના કયા સવાલો ઊભા થાય છે અને તેમાં કેવા પ્રકારની વ્યૂહરચનાઓ અપનાવવાનું શક્ય બને છે તથા તેમાંથી કેવાં પરિણામો આવી શકે છે તેને વિશેનાં વિવિધ કેસ અભ્યાસો આ પુસ્તકમાં ચોથા પ્રકરણમાં આપવામાં આવ્યા છે. નીતિવિષયક સુધારા નાગરિક સમાજની દરમ્યાનગીરીથી કેવી રીતે લાવી શકાય અને રાજ્યની જવાબદારી કેવી રીતે ઊભી થઈ શકે તેનાં કિસ્સા પણ આપવામાં આવ્યા છે.

નવ જેટલી સ્થાનિક સંસ્થાઓની દરમ્યાનગીરી નાગરિક સમાજને કેવી રીતે મજબૂત કરી શકે છે અને શાસનને વધારે પ્રતિભાવાત્મક, પારદર્શી અને ઉત્તરદાયી બનાવી શકે છે તે આ પુસ્તકમાં સરસ રીતે વર્ણવાયું છે. લેખકોઃ રાજેશ ટંડન, રંજિતા મોહન્તી. પ્રકાશકઃ સંસ્કૃતિ, સી-૯૦૨૦, વસંત કુંજ, નવી દિલ્લી- ૧૧૦ ૦૭૦. પૃ. ૧૫૭. કિંમતઃ રૂ. ૩૭૫.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન અમે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

## કચ્છમાં પુનર્વસન

વિનાશક ધરતીકંપને એક વર્ષ વીતી ચૂક્યું છે અને તમામ સરકારી તથા બિનસરકારી સંગઠનોએ વર્ષ દરમ્યાન હાથ ધરાયેલી પ્રક્રિયાઓની સમીક્ષા કરવાની આ તક ઝડપી લીધી હતી. અનેક બિનસરકારી સંગઠનોએ તાલુકા વડા મથકોએ પુનર્વસન પેકેજના અયોગ્ય અમલ સામે દેખાવો કર્યા હતા. ભચાઉમાં તો કર્મશીલોની ધરપકડ પણ થઈ હતી. એકાકી સ્ત્રીઓ, બાળકો અને વિકલાંગો જેવાં નબળાં જૂથો માટે સમુદાય-આધારિત પુનર્વસનને પ્રોત્સાહન આપવાની તથા જીવનનિર્વાહ અને ગૃહનિર્માણ સંબંધી પ્રવૃત્તિઓ આગળ ધપાવવાની પ્રવૃત્તિઓ ચાલુ છે. સામાજિક રખેવાળી અને દેખરેખનો સમયાંતરે થતો અભ્યાસ તેની સ્થિતિ દર્શાવે છે અને આગળના કામ માટે તે સક્ષમ બનાવે છે. કરોડરજ્જુની ઈજા ધરાવતા લોકો માટેના આરોગ્યની સંભાળ અંગે એક પુસ્તિકા 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના સહયોગથી તૈયાર કરવામાં આવી છે.

## ગુજરાતમાં મતદાર જાગૃતિ ઝુંબેશ

અગાઉના ત્રણ માસ દરમ્યાન ગુજરાતમાં ૧૪ જિલ્લામાં ૫૧ તાલુકામાં ૧૪૬૫ પંચાયતોમાં ચૂંટણી પૂર્વેની જાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આશરે ૬૦ સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમાં ભાગ લીધો હતો અને ૪૦૨૫ ઉમેદવારોને ઉમેદવારી પત્રો ભરવામાં સહયોગ પૂરો પડાયો હતો. આ ઝુંબેશનો હેતુ યોગ્ય ઉમેદવારોની તરફેણમાં લોકો મતદાન કરે તે માટે તેમને જાગૃત કરવામો અને દલિત તથા મહિલા ઉમેદવારોને પ્રોત્સાહન આપવાનો અને તેમને ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન માર્ગદર્શન આપવાનો હતો. મૂલ્યાંકન માટે ૧૭-૧૮ જાન્યુઆરી દરમ્યાન એક રાજ્ય કક્ષાની બેઠક યોજવામાં આવી હતી. ગુજરાતમાં ચૂંટણીના ૨૦ દિવસ અગાઉ ઉમેદવારી પત્રો ભરવાનાં હોય છે. એ બે કે ત્રણ દિવસ પહેલાં જ ભરવાનાં હોવાં જોઈએ. જાગૃતિ ઝુંબેશ ઉમેદવારી પત્ર ભરવાના એક માસ પહેલાં શરૂ થવી જોઈએ.

## પ્રાથમિક શિક્ષણમાં પંચાયતોની ભૂમિકા

પ્રાથમિક શિક્ષણ અને પંચાયતી રાજ અંગે ૧૪ રાજ્યોમાં હાથ ધરાયેલા અભ્યાસમાં અમે પણ ભાગ લીધો. આ અભ્યાસને હેતુ પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં પંચાયતોની ભૂમિકાને સમજવાનો હતો. કાર્યો, કાર્યો કરનારાઓ અને નાણાંના સંદર્ભમાં વિવિધ સ્તરે થતી ભૂમિકાઓ ભજવવામાં આવે છે અને શી જવાબદારીઓ અદા કરવામાં આવે છે તે પણ આ અભ્યાસમાં તપાસવામાં આવ્યું હતું. ગુજરાતમાં મુખ્ય તારણ એ રહ્યું છે કે પંચાયતોને જે અનુદાન આપવામાં આવે છે તેમાનું મોટા ભાગનુ અનુદાન શિક્ષકોનાં પગાર-પેન્શન ચૂકવવા માટે જ વપરાય છે. તેથી જિલ્લા પંચાયતોને પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સવલતો વિકસાવવા માટે ખૂબ જ ઓછું અનુદાન મળે છે. આ અનુદાન નિશ્ચિત યોજનાઓ માટે જ મળતું ભંડોળ છે અને પંચાયતોને તેના ઉપયોગ અંગે નિર્ણયો લેવાની સ્વતંત્રતા હોતી નથી. જિલ્લા શિક્ષણ સમિતિના સભ્યોને કોઈ સત્તા નથી. તેનાથી તેમની ભૂમિકા મર્યાદિત થઈ જાય છે. રાજ્ય સરકારો જિલ્લા પંચાયતોને તાલુકા પંચાયતોને આપવા માટે અનુદાન આપે છે. ગ્રામ પંચાયતોને કોઈ અનુદાન મળતું નથી. જો કે, કાયદામાં પંચાયતોને પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા પર દેખરેખ રાખવાની સત્તા આપવામાં આવી છે પણ કોઈ પગલાં લેવાની સત્તા આપવામાં આવી નથી.

## આપત્તિમાં પંચાયતો અને નગરપાલિકાઓની ભૂમિકા

ભચાઉ અને અંજાર તાલુકામાં પંચાયતો અને નગરપાલિકાઓની ભૂમિકા વિશે એક કાર્યલક્ષી સંશોધન હાથ ધરાયું. સ્થાનિક સરકારો ભ્રષ્ટ છે અને આયોજન કરવા તથા વિકાસલક્ષી કામો હાથ ધરવા સક્ષમ નથી એવી ધારણા તોડવા માટે આ સંશોધન હાથ ધરાયું હતું. ચાર ગામોમાં પ્રાયોગિક ધોરણે લોકો સાથે સૂક્ષ્મ સ્તરીય આયોજન હાથ ધરાયું હતું. તેમાં આયોજનનો અંદાજ બાંધવામાં આવ્યો હતો અને યોજના પૂર્ણ કરવા માટે જરૂરી વિવિધ સંસાધનોનો અંદાજ બંધાયો હતો.

## સ્થાનિક સ્તરે મહિલાઓના નેતૃત્વને મજબૂત બનાવવાની કામગીરી

રાજસ્થાનમાં બિકાનેર તાલુકાનાં આશરે ૬૦૦ મહિલા સરપંચોનું એક સંમેલન ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૦૨ દરમ્યાન યોજાયું. સ્વૈચ્છિક સંગઠનોના કાર્યકરો પણ તેમાં હાજર રહ્યા હતા. મોટા ભાગના સહભાગીઓ પહેલી જ વાર આવ્યાં હતાં. અને તેમણે તેમના અનુભવોની આપ-લે કરી હતી. સંમેલન દરમ્યાન પંચાયતી રાજ વિશે પણ તેઓ કંઈક શીખ્યા હતા. 'ઈન્દિરા ગાંધી પંચાયતી રાજ અને ગ્રામ વિકાસ

સંસ્થાન' સાથેના સહયોગમાં બાડમેર અને ઝાલોર જિલ્લામાં જિલ્લા સ્તરના પ્રશિક્ષકોને તાલીમ આપવામાં આવી. જિલ્લા સ્તરે પ્રશિક્ષકોની એક ટુકડી તૈયાર કરવાનો આ એક મોટો પ્રયાસ હતો. ચૂંટણી ઘણા સમય પહેલાં યોજાઈ ચૂકી હતી તેથી આમાં ઘણું શીખવાની તક મળી.

## સ્થાનિક સ્તરે દલિત નેતૃત્વને પ્રોત્સાહન

'દલિત અધિકાર અભિયાન'ના સહભાગીઓ માટે ૧૨થી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૨ દરમ્યાન દલિતોને સંગઠિત કરવા અને તેમનામાં કાનૂની સાક્ષરતા ઊભી કરવા માટે એક તાલીમ કાર્યક્રમ યોજાયો. તેમાં અત્યાચાર ધારો અને જમીનના હકો સંબંધી કાયદાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. સહભાગીઓએ પણ આ સંગઠન માટે જરૂરી કાનૂની વ્યૂહરચના ઘડી કાઢી. તે પછી તાલુકા સ્તરે સામુદાયિક નેતાઓ માટે આઠ તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા. તેમાં અનેક સરકારી અધિકારીઓને માર્ગદર્શક તરીકે હાજરી આપવા નિમંત્રણ અપાયું હતું.

### અન્ય

રાજસ્થાનમાં 'જિલ્લા ગરીબી નિવારણ કાર્યક્રમ' માટે ક્ષમતા વર્ધનની વ્યૂહરચના ઘડવામાં આવી. સહભાગી પ્રક્રિયા દ્વારા તાલીમની જરૂરિયાતો અંગે મૂલ્યાંકન કરવામાં આવ્યું અને પછી તાલીમનો કાર્યક્રમ વિકસાવવામાં આવ્યો.

અમે 'પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા' (પ્રિયા) - નવી દિલ્લીની ૨૦મી વાર્ષિક સભામાં ૫થી ૭ ફેબ્રુઆરી - ૨૦૦૨ દરમ્યાન સક્રિય ભાગ લીધો. પરિષદનો વિષય હતો 'શાસનમાં લોકો'. પરિષદ દરમ્યાન સહભાગિતા અને શાસન, શાસન અને સંસ્થા, સ્થાનિક શાસનથી વૈશ્વિક શાસન સુધી વગેરે વિષયો પર ચર્ચાઓ થઈ. એ ઉપરાંત અમે નાગરિક સમાજ માટે શ્રમતા વર્ધન, દક્ષિણ એશિયાના નાગરિક સમાજનાં સંગઠનોના સહભાગિઓ માટેની 'લોગો લિંક લર્નિંગ' વિનિમય કાર્યશાળા અને મુખ્ય ઉજવણી પહેલાં તથા પછીની ઘણી કાર્યશાળાઓમાં અને ભાગ લીધો.

આ વર્ષે ફોર્ડ ફાઉન્ડેશન ભારતમાં તેનાં ૫૦ વર્ષ પૂરાં કરી રહ્યું છે અને તેના અનુભવો અંગે તેણે નાની પુસ્તિકાઓનો એક સંપુટ પ્રકાશિત કર્યો છે. ગયે મહિને 'નેશનલ ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા'એ પણ તેની દશાબ્દિની ઉજવણી કરી હતી.

## 'ચરખા'ની પ્રવૃત્તિઓ

છેલ્લાં ત્રણ માસ દરમ્યાન વિવિધ અખબારોમાં ૪૬ લેખો પ્રકાશિત થયા. તેમાંના ૨૬ લેખો સ્થાનિક કર્મશીલોએ લખેલા હતા. 'આનંદી' (પંચમહાલ)ના કાર્યકરો માટે ૩થી ૫ જાન્યુઆરી, 'ચેતના'ના કાર્યકરો માટે ૨૩-૨૪, જાન્યુઆરી અને સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો માટે ૨૦-૨૨, ફેબ્રુઆરી દરમ્યાન લેખન કૌશલ્ય કાર્યશાળાઓનું આયોજન કરાયું. ત્રણ સંસ્થાઓને સંચાર સહયોગ પૂરો પાડવામાં આવ્યો.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

રૂપાંકન: રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.